The Gujarat Common Admission Services (GCAS) represents a significant state-level initiative in digital public infrastructure for higher education. By centralizing disparate admission workflows into a common digital framework, the platform establishes a structured baseline for statewide administrative efficiency.

The long-term value of digital admission governance depends on institutional coordination, data integrity, transparent communication, and accessible public service delivery. By applying the Collaborative Value Addition framework—integrating national digital platforms, rural assisted facilitation, structured institutional synchronization, and clear communication standards—GCAS can continue to evolve as a robust, transparent, and student-centered model of higher education administration.

References

- Government of Gujarat. (n.d.). Gujarat Common Admission Services (GCAS) portal. https://gcas.gujgov.edu.in/
- Government of India. (2016). The Rights of Persons with Disabilities Act, 2016. India Code. https://www.indiacode.nic.in/
- Ministry of Education, Government of India. (2020). National Education Policy 2020. https://www.education.gov.in/
- Ministry of Electronics and Information Technology, Government of India. (n.d.). Digital India Programme. https://www.digitalindia.gov.in/
- Ministry of Electronics and Information Technology, Government of India. (2023). Guidelines for Indian Government Websites (GIGW 3.0).
- Ministry of Law and Justice, Government of India. (2023). The Digital Personal Data Protection Act, 2023. The Gazette of India.
- University Grants Commission. (2023). University Grants Commission (Redressal of Grievances of Students) Regulations, 2023. New Delhi.
- University Grants Commission. (2023). Public Notice on Fee Refund Policy and Student-Centric Measures. New Delhi.

ગુજરાતી દલિત સાહિત્યમાં પૌરાણિક મિથકોનું પુનરર્થઘટન : 'શૂદ્રપર્વ'

ડૉ. કૃપાબેન હસમુખભાઈ પટેલ

શેખપુર(ખે) પ્રાથમિક શાળા,

ગામ - શેખપુર(ખે), તાલુકો - વડનગર

ગુજરાતી દલિત સાહિત્યના સીમાચિહ્નરૂપ સર્જક પ્રવીણ ગઢવી દ્વારા લિખિત'શૂદ્રપર્વ'(2020)વાર્તાસંગ્રહ ભારતીય પૌરાણિક ગ્રંથો, વેદો અને ઉપનિષદોનું દલિત દૃષ્ટિકોણથી કરવામાં આવેલું પુનરર્થઘટન છે. યુગોથી સ્થાપિત બ્રાહ્મણવાદી વર્ણવ્યવસ્થા, જ્ઞાન પરની ઈજારાશાહી અને શૂદ્રો-અતિશૂદ્રો પર થયેલા અમાનવીય અત્યાચારોને આ વાર્તાઓ તર્કઅને ઐતિહાસિક ભૌતિકવાદની એરણે ચડાવે છે. પ્રસ્તુત લેખ'શૂદ્રપર્વ'માં આલેખાયેલી દલિત ચેતના, સ્ત્રી-શોષણ, અસ્પૃશ્યતાનો દંભ અને દલિત અસ્તિત્વના સશસ્ત્ર તથા બૌદ્ધિક વિદ્રોહનું મૂલ્યાંકન કરવાનો ઉપક્રમ છે.

ભારતીય સામાજિક ઢાંચાનો પાયો ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા પર રચાયેલો છે. મહાકાવ્યો, પુરાણો અને સ્મૃતિગ્રંથો મોટેભાગે વિજેતા આર્યોના દૃષ્ટિકોણથી લખાયા હોવાથી તેમાં મૂળ નિવાસી દસ્યુઓ, નિષાદો, અસુરો અને શૂદ્રોને રાક્ષસ કે નીચલા દરજ્જાના દર્શાવવામાં આવ્યા છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર અને મહાત્મા જ્યોતિબા ફૂલેએ ભારપૂર્વક નોંધ્યું હતું કે દલિતોના સામાજિક અને માનસિક પતનના મૂળમાં આ પૌરાણિક ગ્રંથો રહેલા છે.

ગુજરાતી દલિત સાહિત્યમાં કાવ્ય, આત્મકથા અને વાસ્તવવાદી વાર્તાઓ વિપુલ પ્રમાણમાં લખાઈ છે, પરંતુ મિથકભંજનનો જે પ્રયોગ પ્રવીણ ગઢવીએ 'શૂદ્રપર્વ' દ્વારા કર્યો છે તે અદ્વિતીય છે. પુસ્તકની પ્રસ્તાવનામાં ડૉ. પિનાકિન દવે, હરીશ મંગલમ્ અને કલ્પેશ પટેલે નોંધ્યું છે તેમ, આ વાર્તાઓ ચમત્કારોની બાદબાકી કરીને પૌરાણિક પાત્રોને તેમના રક્ત-માંસના માનવીય સ્વરૂપમાં રજૂ કરે છે.

•પ્રવીણ ગઢવીએ કુલ ૧૮ વાર્તાઓમાં જુદા જુદા વિષયોને કેન્દ્રમાં રાખીને દલિત ચેતનાને પ્રગટાવી છે. આ ચેતના કેવળ રુદન કે લાચારીની નથી, પરંતુ પ્રશ્ન પૂછવાની, ન્યાય માંગવાની અને વ્યવસ્થાને પડકારવાની ચેતનાછે.

•જ્ઞાન પરની ઈજારાશાહી સામે બૌદ્ધિક વિદ્રોહ :

•પ્રાચીન કાળથી જ વેદ અને જ્ઞાન પર સવર્ણોનો વિશેષાધિકાર રહ્યો છે. શૂદ્રોને જ્ઞાનથી વંચિત રાખવા એ શારીરિક ગુલામી કરતાં પણ મોટી માનસિક ગુલામી હતી.

•

•**'શૂદ્રઋષિ કવશ ઐલૂષ'**વાર્તામાં ભરદ્વાજ ઋષિના યજ્ઞમાં દાસીપુત્ર કવશ ઐલૂષનો બ્રાહ્મણો દ્વારા બહિષ્કાર થાય છે. ત્યારે કવશ લઘુતાગ્રંથિ અનુભવવાને બદલે અત્યંત આત્મવિશ્વાસથી વૈદિક પાખંડને પડકારે છે:

•

•"સૂર્યનો પ્રકાશ અને જળ કદાપિ અભડાતાં નથી. પૃથ્વી અભડાતી નથી. કિંતુ તથાસ્તુ. હું સરસ્વતીથી દૂર રહીશ. પણ સરસ્વતી સ્વયં મને મળવા આવશે."**(પેજ નંબર. ૨)**

•કવશ ઋષિ પોતાનો અલગ આશ્રમ સ્થાપે છે અને અન્ય બહિષ્કૃત ઋષિઓ (મહીદાસ, માતંગ) ને આશરો આપે છે. તેઓ શ્રમ અને જ્ઞાનનો સમન્વય કરે છે. કવશ દ્યુતક્રીડા (જુગાર) નો વિરોધ કરી કૃષિ (ખેતી) નો મહિમા ગાય છે. આ વાર્તા શ્રમજીવી દલિત વર્ગના બૌદ્ધિક ઉત્કર્ષની ગાથા છે.

•આ જ શ્રેણીમાં**'શંબૂક વધ'**વાર્તા અતિ મહત્ત્વની છે. રામ રાજ્યમાં વેદાભ્યાસ કરવા બદલ શંબૂકને ગુનેગાર ઠેરવવામાં આવે છે. ભરી રાજસભામાં શંબૂક જે તર્ક રજૂ કરે છે તે દલિત રેશનાલિઝમનો શ્રેષ્ઠ નમૂનો છે:

•"શૂદ્ર તરીકે જન્મ્યો તે મારો અપરાધ નથી. આકસ્મિક રીતે જેમ શ્રીરામ દશરથ - કૌશલ્યાના પેટે જન્મ્યા એમ હું શૂદ્ર માતાના પેટે જન્મ્યો. હું શૂદ્ર નથી, મનુષ્ય છું."**(પેજ નંબર. ૪૮)**

•જાબાલિ મુનિના પાત્ર દ્વારા લેખકે વાલ્મીકિ રામાયણના ન્યાય પર સીધો પ્રહાર કર્યો છે:

•"રાજા રામ, ચંદ્રને તો એક જ કલંક છે. આપે તો વાલીવધ, સીતાઅગ્નિપરીક્ષા, સીતાત્યાગ અને આ શંબૂક વધ કરીને ચાર કલંક પ્રાપ્ત કર્યા છે, એનું મને દુઃખ થાય છે."**(પેજ નંબર. ૪૯)**

•દલિત અને અનાર્ય સ્ત્રીઓનું બેવડું શોષણ :

•પિતૃસત્તાક અને બ્રાહ્મણવાદી વ્યવસ્થામાં સૌથી કચડાયેલો વર્ગ દલિત સ્ત્રીનો રહ્યો છે. તે જાતિ અને લિંગ એમ બંને રીતે શોષણનો ભોગ બને છે.

•**'નકતુંડીનો દોષ'**વાર્તામાં અસુર કન્યા નકતુંડી ઈન્દ્રપુત્ર જયંતના પ્રેમમાં પડે છે. જયંત તેને ભોગવીને જ્યારે તરછોડે છે ત્યારે તેનો સવર્ણ અહંકાર છતો થાય છે:

•"નકતુંડી, તું ભૂલી જાય છે કે તું શ્યામવર્ણ-હું ગૌરવર્ણ, તું અસુર-હું સુર, તું શૂદ્ર-હું સવર્ણ, તું દાસ-હું સ્વામી... તારો અને મારો સંયોગ કદી ન સંભવે !"**(પેજ નંબર. ૧૩)**

•અહીં કથાનો અંત સ્વીકૃતિ કે આત્મહત્યામાં નથી, પરંતુ વિદ્રોહમાં છે. નકતુંડી જયંતના ગાલ પર સણસણતો લાફો મારે છે. આ લાફો એ હજારો વર્ષોથી શોષિત દલિત સ્ત્રીઓનો સવર્ણ કામુકતા પરનો પ્રહાર છે.

•**'મત્સ્યગંધા'**વાર્તામાં સત્યવતીની આંતરવ્યથા આલેખાઈ છે. આર્ય રાજા શાંતનુ અને મુનિ પરાશર માટે તે માત્ર ઉપભોગનું સાધન હતી.

•"શાંતનુ રાજાના વિષયભોગની મદિરા હતી. એની પાસે દેહનું સૌંદર્ય હતું. એ માછલીની જેમ ટુકડે ટુકડે વેચાયું હતું."**(પેજ નંબર. ૫૮)**

•રાજમાતા બન્યા પછી પણ તેનું શૂદ્રત્વ તેને સદીઓ સુધી પીડે છે. કુરુવંશના પતન પાછળ સ્ત્રી અને શૂદ્રો પર થયેલા અત્યાચાર જવાબદાર છે તેવું લેખક ઐતિહાસિક તર્ક સાથે સાબિત કરે છે.

•અસ્પૃશ્યતા, ધાર્મિક દંભ અને અસ્તિત્વની પીડા :

•વર્ણવ્યવસ્થાએ શ્રમ કરનાર વર્ગને અસ્પૃશ્ય જાહેર કરી દીધો.**'શૂદ્રત્વનો શાપ'**વાર્તામાં ક્ષત્રિય પુષ્પને અજાણતા થયેલા ગૌવધ બદલ શૂદ્ર બનવાનો શાપ મળે છે. શૂદ્રની સામાજિક સ્થિતિનું વર્ણન રૂંવાડાં ઊભા કરી દે તેવું છે:

•"ચાંડાલ અને શ્વપચોનો વાસ હોય ગામ બહાર, મૃતિકાનાં ભાંડ શ્વાન અને ગર્દભ ધન, મૃતદેહનાં વસ્ત્ર, તૂટેલાં ખાંડમાં ભોજન... શૂદ્રને ધનસંચયનો પ્રતિબંધ. શૂદ્ર જન્મજાત દાસ."**(પેજ નંબર. ૧૯)**

•અંતે પુષ્પ જીવનભરની પીડા વેઠવા કરતા દાવાનળમાં બળી મરવાનું પસંદ કરે છે. આ ઘટના સામાજિક બહિષ્કારના મનોવૈજ્ઞાનિક આઘાતનું નિરૂપણ છે.

•**'અસ્પૃશ્ય જલ'**વાર્તામાં ઋષિ ઉપસ્ત મહાવત પાસેથી સડેલા અડદ ખાઈ લે છે પરંતુ તેનું પાણી પીતા નથી. ત્યારે ઋષિનો તર્ક તેમની જડતા છતી કરે છે:

•"વત્સ, અન્ન તો આખરે શૂદ્રો જ ઉત્પન્ન કરે છે ને? બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય હળ ચલાવતા નથી... તેથી અન્ન તો લેવાય, પરંતુ જળ અસ્પૃશ્ય ગણાય."**(પેજ નંબર. ૨૬)**

•મહાવતનો કટાક્ષ, "આ બ્રહ્મજ્ઞાનીઓના ઢોંગ તો જુઓ !"એ દલિત ચેતનાની માર્મિક અભિવ્યક્તિ છે.

•**'ભક્ષક માંસ દાન'**માં બાર વર્ષના દુષ્કાળમાં ભૂખથી મરતા બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર અહર ચાંડાલ પાસે શ્વાનનું માંસ માંગે છે. ચાંડાલ ધર્મની મર્યાદા યાદ અપાવે છે ત્યારે વિશ્વામિત્ર કહે છે:

•"ભૂખ્યો અગ્નિ જેમ સર્વનો આહાર કરે છે, એમ ભૂખ્યા બ્રાહ્મણથી પણ સર્વાહારી થવાય."**(પેજ નંબર. ૯૭)**

•લેખક અહીં સિદ્ધ કરે છે કે પવિત્રતા-અપવિત્રતાના નિયમો સગવડિયા છે. ભૂખ અને અસ્તિત્વ આગળ સવર્ણતાનું અભિમાન ઓગળી જાય છે.

•સત્તા, રાજકારણ અને સશસ્ત્ર વિદ્રોહ :

•દલિત સાહિત્ય માત્ર પીડાનું નહિ, પણ પ્રતિકારનું સાહિત્ય છે.**'એકલવ્ય'**વાર્તા આ સંગ્રહની સર્વશ્રેષ્ઠ અને ક્રાંતિકારી વાર્તા છે. અહીં એકલવ્ય અંગૂઠો આપીને ચૂપ બેસી રહેતો આદર્શ શિષ્ય નથી. તે આર્યો સામે ૧૮ વર્ષ સુધી અરણ્યમાં છાપામારયુદ્ધ ચલાવતો સેનાપતિ છે. આર્યોના ષડયંત્રો પર એકલવ્યનું ચિંતન જુઓ:

•"આર્યોએ જેટલું લોહી દસ્યુઓનું વહેવડાવ્યું છે એથી દ્વિગુણિત રક્ત પોતાના સહોદરનું વહેવડાવ્યું છે... સ્ત્રીઓ તો સુવર્ણ મુદ્રાઓની જેમ ગણવાની હોય... મેનકાની જેમ તરછોડવાની હોય."**(પેજ નંબર. ૬૭)**

•અંગૂઠો કાપી લેવાની દ્રોણની ક્રિયા પ્રત્યે એકલવ્યનો વિદ્રોહી અભિગમ જુઓ:

•"આભાર ગુરુજી તમારો. તમે અંગૂઠો કાપી લીધો ન હોત તો હું એ કાયરની જેમ આર્યોનો દાસાનુદાસ બની રહ્યો હોત."**(પેજ નંબર. ૭૧)**

•અહીં એકલવ્યની પુત્રી થાફક અને સેનાપતિ જર દ્વારા કૃષ્ણનો વધ કરાવીને લેખકે શૂદ્ર અસ્તિત્વનો ભવ્ય વિજય દર્શાવ્યો છે.

•

•**'ચાંડાલ ભોજન'**વાર્તામાં સામાજિક ક્રાંતિનો એક અનોખો પ્રયોગ છે. ચાંડાલ ઉત્પલહસ્ત પોતાની કન્યાના લગ્ન રાજાના પુત્ર સાથે કરવા માટે શરત મૂકે છે:

•"મારે નથી ધન જોઈતું, નથી રાજ જોઈતું. અમારે ચાંડાલોને કેવળ સ્વમાન અને સમતા જોઈએ... ઉજ્જયિનીના અઢાર સહસ્ર બ્રાહ્મણો ચાંડાલ વાસમાં આવીને ભોજન લે."**(પેજ નંબર. ૧૪૪-૧૪૫)**

•સત્તાની તાકાતથી બ્રાહ્મણોને ચાંડાલના ઘરે જમાડવા એ વર્ણવ્યવસ્થાના ક્રમને ઉલટાવવાનો અત્યંત સફળ સાહિત્યિક પ્રયોગ છે.

•કથનશૈલી અને ભાષાકર્મ :

•પ્રવીણ ગઢવી એક બાહોશ ગદ્યકાર છે. પૌરાણિક વાતાવરણને તાદૃશ કરવા તેમણે સંસ્કૃતપ્રચૂર, તત્સમ અને ઐતિહાસિક સંદર્ભવાળી ભાષાનો કુશળતાપૂર્વક ઉપયોગ કર્યો છે (જેમ કે: સૌત્રામણી યજ્ઞ, ભૂર્જપત્ર, આશ્રમવ્યવસ્થા, શ્મશ્રુ, બ્રહ્મમુહૂર્ત). પરંતુ, આ ભાષાનો ઉપયોગ બ્રાહ્મણવાદી વિચારધારાના સમર્થન માટે નહિ, બલ્કે તેના જ ઢાંચામાં રહીને તેના મૂલ્યોને તોડવા માટે કર્યો છે.

•સર્જકે વાર્તાઓમાં ચમત્કારોની સંપૂર્ણ બાદબાકી કરી છે. દા.ત.**'સ્વમાની સુદામા'**વાર્તામાં સુદામાની ઝૂંપડી રાતોરાત મહેલ બની જતી નથી. એ માત્ર સુદામાનું સ્વપ્ન છે. વાસ્તવમાં કૃષ્ણ માત્ર પાંચ ગાયો આપે છે. આ વાસ્તવવાદ દલિત સાહિત્યની મૂળભૂત ઓળખ છે.

•પ્રવીણ ગઢવી કૃત 'શૂદ્રપર્વ' એ ગુજરાતી દલિત વાર્તાસાહિત્યમાં જ નહિ, સમગ્ર ભારતીય દલિત સાહિત્યમાં એક નવા આયામનો ઉમેરો કરે છે. આ વાર્તાઓ સાબિત કરે છે કે પૌરાણિક કાળથી જ વર્ણવ્યવસ્થા એક ઈશ્વરીય નહિ, પરંતુ માનવસર્જિત રાજકીય અને સામાજિક ષડયંત્ર હતું.

•લેખકે શૂદ્ર પાત્રોને મૂક અને નિઃસહાય પીડિતો તરીકે નહિ, પરંતુ તર્કબદ્ધ, સ્વમાની અને વ્યવસ્થાને આંખમાં આંખ નાખીને પડકાર ફેંકતા વિદ્રોહી તરીકે રજૂ કર્યા છે. કવશ ઐલૂષનો જ્ઞાનયોગ, શંબૂકનો તર્ક, નકતુંડીનો લાફો, એકલવ્યનું સશસ્ત્ર યુદ્ધ અને ઉત્પલહસ્તની સમતાની માંગ - આ બધું જ દલિત ચેતનાના બહુઆયામી ઉત્કર્ષને પ્રદર્શિત કરે છે. ટૂંકમાં, 'શૂદ્રપર્વ' એ કચડાયેલા વર્ગની સદીઓ જૂની ખામોશીને વાચા આપતું, પૌરાણિક સાહિત્યના ગર્ભમાં રહેલા સત્યોને ખુલ્લા પાડતું અત્યંત મૂલ્યવાન અને સંશોધનયોગ્ય ઐતિહાસિક-સાહિત્યિક કૃતિ છે.

•સંદર્ભ ગ્રંથો

•૧. ગઢવી, પ્રવીણ. 'શૂદ્રપર્વ' , પ્રથમ આવૃત્તિ: ડિસેમ્બર ૨૦૨૦, પ્રકાશક: ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ.

•૨. દવે, ડૉ. પિનાકિન. 'શૂદ્રપર્વ'ને આવકાર (પ્રસ્તાવના), શૂદ્રપર્વ, ૨૦૧૯.

•૩. મંગલમ્, હરીશ.દલિત વાર્તાસાહિત્યમાં એક નવો આયામ (પ્રસ્તાવના), શૂદ્રપર્વ, ૨૦૨૦.

•૪. પટેલ, કલ્પેશ.શૂદ્રો પરના અન્યાય-અત્યાચારની પુરાકથાઓ, શૂદ્રપર્વ, ૨૦૨૦.

•૫. દેરાસરી, ડાહ્યાભાઈ.પૌરાણિક કથાકોશ ભાગ - ૧/૨.

•૬. ડૉ. બાબાસાહેબ આંબેડકર.શૂદ્રો કી ખોજ (Who Were the Shudras?).

•૭. વાલ્મીકિ રામાયણ અને મહાભારત (ગીતાપ્રેસ, ગોરખપુર - લેખકના મૂળ સંદર્ભ મુજબ).

•

•

સૌરાષ્ટ્રના ઈતિહાસની શોધ અને દસ્તાવેજીકરણમાં ડૉ. પ્રદ્યુમ્ન ખાચર: એક વિશ્લેષણાત્મક અભ્યાસ

ડૉ. પ્રિતેશ એસ. રાઠોડ
અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ,
શ્રી સી. એચ. ભીલ સરકારી વિનયન
અને વાણિજ્ય કોલેજ, નસવાડી

Abstract

સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઈતિહાસના સંશોધન અને દસ્તાવેજીકરણની પ્રક્રિયામાં ડૉ. પ્રદ્યુમ્ન ખાચરનું કાર્ય નોંધપાત્ર અભ્યાસવિષય બને છે. તેમના સંશોધનનો વ્યાપ કાઠી સમાજના ઈતિહાસ અને સંસ્કૃતિથી લઈને જૂનાગઢ, ગિરનાર, સોરઠ, બરડા, ગીર સોમનાથ, સૌરાષ્ટ્રના રાજવી પરિવારો તથા વિવિધ ઐતિહાસિક સ્થળો સુધી વિસ્તરેલો જોવા મળે છે. તેમના કાર્યમાં શિલાલેખો, તવારીખો, વંશાવળીઓ, ગ્રંથો, અભિલેખાગારના દસ્તાવેજો અને તસવીરો જેવા વિવિધ ઐતિહાસિક સ્રોતોનો સંદર્ભ જોવા મળે છે.

ડૉ. ધીરુભાઈ પી. વાળાનું *ઈતિહાસનો આરાધક* ડૉ. ખાચરના જીવન અને ઐતિહાસિક કાર્યને સમજવા માટેનું મહત્વપૂર્ણ આધારસ્રોત છે. આ ગ્રંથમાં તેમના સંશોધન, લેખન, પ્રકાશન, ઈતિહાસલેખન, અભિલેખાગાર આધારિત શોધ, અધ્યાપન અને સંશોધન માર્ગદર્શન જેવા વિવિધ પાસાંઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ડૉ. પ્રદ્યુમ્ન ખાચરની અધિકૃત વેબસાઈટ પર ઉપલબ્ધ ગ્રંથસૂચિ, દૃશ્ય-શ્રાવ્ય સામગ્રી અને અખબારી સંગ્રહ તેમના કાર્યના ડિજિટલ દસ્તાવેજીકરણને સમજવા માટે પૂરક સ્રોત પૂરો પાડે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ડૉ. ખાચરના ઐતિહાસિક કાર્યને મુખ્યત્વે પ્રાદેશિક ઈતિહાસની પસંદગી, ઐતિહાસિક સ્રોતોની શોધ અને ઉપયોગ, ગ્રંથલેખન અને દસ્તાવેજીકરણ, અખબારી તથા ડિજિટલ માધ્યમ દ્વારા ઈતિહાસના લોકપ્રસાર અને અધ્યાપન-સંશોધન માર્ગદર્શનના પરિપ્રેક્ષ્યમાં સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અભ્યાસ પરથી જણાય છે કે તેમનું કાર્ય માત્ર ગ્રંથપ્રકાશન પૂરતું મર્યાદિત નથી, પરંતુ સૌરાષ્ટ્રના ભૂતકાળને શોધવા, નોંધવા, દસ્તાવેજીકૃત કરવા અને વિવિધ માધ્યમો દ્વારા લોકસમક્ષ રજૂ કરવાની વ્યાપક પ્રક્રિયા સાથે સંકળાયેલું છે.

બીજશબ્દો: ડૉ. પ્રદ્યુમ્ન ખાચર, સૌરાષ્ટ્રનો ઈતિહાસ, પ્રાદેશિક ઈતિહાસ, ઈતિહાસ સંશોધન, ઈતિહાસલેખન, ઐતિહાસિક સ્રોતો, દસ્તાવેજીકરણ, અભિલેખાગાર, ગિરનાર, જૂનાગઢ, કાઠિયાવાડ, જાહેર ઈતિહાસ, ડિજિટલ ઈતિહાસ.

૧. પ્રસ્તાવના

ઈતિહાસનો અભ્યાસ માત્ર ભૂતકાળની ઘટનાઓને ક્રમબદ્ધ રીતે રજૂ કરવાની પ્રક્રિયા નથી. ઉપલબ્ધ પુરાવાઓ, દસ્તાવેજો અને વિવિધ પ્રકારના સ્રોતોના આધારે ભૂતકાળની પરિસ્થિતિને સમજવાનો તે એક સંશોધનાત્મક પ્રયાસ છે. આ સંદર્ભમાં પ્રાદેશિક ઈતિહાસનું વિશેષ મહત્વ છે, કારણ કે કોઈ ચોક્કસ પ્રદેશ સાથે જોડાયેલા સ્થાનિક સ્રોતો ઘણી વખત વ્યાપક ઈતિહાસને સમજવા માટે મહત્વપૂર્ણ કડીઓ પૂરી પાડે છે.

સૌરાષ્ટ્રનો પ્રદેશ રાજકીય, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ વિવિધતાસભર રહ્યો છે. જૂનાગઢ અને ગિરનાર જેવા ઐતિહાસિક કેન્દ્રો, સોરઠ અને કાઠિયાવાડના પ્રદેશો, વિવિધ રજવાડાં, રાજવી પરિવારો તથા સ્થાનિક સમુદાયોના ઇતિહાસ સાથે સંબંધિત અનેક પ્રકારના સ્રોતો અહીં ઉપલબ્ધ છે. આવા સ્રોતોને શોધવા, ઓળખવા, ગોઠવવા અને સંશોધનક્ષેત્રમાં લાવવાની પ્રવૃત્તિ પ્રાદેશિક ઇતિહાસલેખન માટે વિશેષ મહત્વ ધરાવે છે.

ડૉ. પ્રદ્યુમ્ન ખાચરના કાર્યનો અભ્યાસ આ પરિપ્રેક્ષ્યમાં કરવામાં આવે તો સ્થાનિક અને પ્રાદેશિક વિષયો પ્રત્યેનું તેમનું સાતત્યપૂર્ણ ધ્યાન સ્પષ્ટ થાય છે. ડૉ. ધીરુભાઈ પી. વાળાનું *ઇતિહાસનો આરાધક* તેમના જીવન, અભ્યાસ, સંશોધન, લેખન, પ્રકાશન અને અધ્યાપનકાર્ય વિશે મહત્વપૂર્ણ માહિતી આપે છે. આ ગ્રંથમાં અભિલેખાગારોમાંથી ઐતિહાસિક માહિતીની શોધ, ઇતિહાસલેખનની લાક્ષણિકતાઓ તથા સંશોધન અને અધ્યાપન ક્ષેત્રે તેમના માર્ગદર્શન જેવા પાસાંઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

આથી ડૉ. ખાચરના કાર્યને માત્ર વ્યક્તિગત સંશોધનપ્રવૃત્તિ તરીકે નહીં, પરંતુ સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઇતિહાસના સ્રોતોની શોધ, દસ્તાવેજીકરણ અને લોકપ્રસાર સાથે સંકળાયેલી પ્રક્રિયા તરીકે સમજવાનો પ્રયાસ આ અભ્યાસમાં કરવામાં આવ્યો છે.

૨. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે:

1. ડૉ. પ્રદ્યુમ્ન ખાચરની ઇતિહાસપ્રત્યેની અભિરુચિ અને સંશોધનદૃષ્ટિનો પરિચય મેળવવો.
2. તેમના સંશોધન, લેખન અને પ્રકાશનના મુખ્ય ક્ષેત્રોને ઓળખવા.
3. તેમની ઐતિહાસિક કૃતિઓના વિષયવિસ્તારનો અભ્યાસ કરવો.
4. સૌરાષ્ટ્રના ઇતિહાસ અને સંસ્કૃતિના સંશોધનમાં તેમના કાર્યનું વિશ્લેષણ કરવું.
5. શિલાલેખો, તવારીખો, વંશાવળીઓ, ગ્રંથો, તસવીરો અને અભિલેખાગારના દસ્તાવેજો જેવા સ્રોતો પ્રત્યેના તેમના અભિગમને સમજવો.
6. અખબારી લેખન અને અન્ય માધ્યમો દ્વારા ઇતિહાસના લોકપ્રસાર સાથે તેમના કાર્યના સંબંધને સમજવો.
7. ડિજિટલ માધ્યમ દ્વારા ઐતિહાસિક સામગ્રીના દસ્તાવેજીકરણનું તેમના કાર્યમાં રહેલું સ્થાન સમજવું.
8. અધ્યાપક અને સંશોધન માર્ગદર્શક તરીકેની તેમની ભૂમિકાનો અભ્યાસ કરવો.
9. સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઇતિહાસના સંશોધન અને દસ્તાવેજીકરણમાં તેમના કાર્યનું સ્થાન સમજવાનો પ્રયાસ કરવો.

૩. સંશોધન પદ્ધતિ, આધારસ્રોત અને મર્યાદા

પ્રસ્તુત અભ્યાસ માટે વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક પદ્ધતિ અપનાવવામાં આવી છે. ડૉ. ધીરુભાઈ પી. વાળાનું *'ઇતિહાસનો આરાધક'* ઉપરાંત ડૉ. પ્રદ્યુમ્ન ખાચરની પ્રકાશિત કૃતિઓ, ઉપલબ્ધ અખબારી સામગ્રી અને તેમની અધિકૃત વેબસાઇટ પર ઉપલબ્ધ માહિતીનો સ્રોત તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. વેબસાઇટને સ્વતંત્ર ઐતિહાસિક પુરાવા તરીકે નહીં, પરંતુ ડૉ. ખાચરના કાર્ય અને તેના ડિજિટલ દસ્તાવેજીકરણને સમજવા માટેના પૂરક સ્રોત તરીકે લેવામાં આવી છે.

અભ્યાસની મર્યાદા તરીકે નોંધવું જરૂરી છે કે ડૉ. ખાચરની દરેક કૃતિનું સ્વતંત્ર પુનઃવાંચન, તમામ મૂળ અભિલેખીય દસ્તાવેજોનું પરીક્ષણ અથવા તેમની કૃતિઓનું અન્ય ઇતિહાસકારોની કૃતિઓ સાથે વ્યાપક તુલનાત્મક

અધ્યયન આ સંશોધનના વ્યાપમાં આવતું નથી. તેથી અહીં રજૂ કરવામાં આવેલા તારણો ઉપલબ્ધ આધારસામગ્રીના વિશ્લેષણ સુધી મર્યાદિત છે.

૪. જીવન, શિક્ષણ અને ઇતિહાસપ્રત્યેની દૃષ્ટિ

ડૉ. પ્રદ્યુમ્ન ખાચરની શૈક્ષણિક ઓળખના ઘડતરમાં ઇતિહાસ વિષયનું મહત્વનું સ્થાન રહ્યું છે. તેમના અભ્યાસ, અધ્યાપન અને સંશોધનને અલગ-અલગ પ્રવૃત્તિઓ તરીકે જોવાને બદલે પરસ્પર સંકળાયેલી પ્રક્રિયા તરીકે જોવામાં આવે તો તેમના કાર્યનો વિકાસ વધુ સ્પષ્ટ બને છે.

તેમની પીએચ.ડી.નો વિષય 'પોરબંદર રાજ્યનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' હતો. વિષયની પસંદગી પરથી તેમના સંશોધનવિચારમાં રાજકીય ઘટનાક્રમની સાથે સાંસ્કૃતિક પાસાંને પણ સ્થાન મળ્યું હોવાનું જણાય છે.

ઇતિહાસના અભ્યાસ પ્રત્યેનો તેમનો રસ ઐતિહાસિક સ્થળો, ઇતિહાસ પરિષદો, વિદ્વાનોના સંપર્ક અને વિવિધ સ્રોતો સાથેના જોડાણમાં પણ પ્રતિબિંબિત થાય છે. આ પ્રવૃત્તિઓ તેમના વ્યક્તિગત ઇતિહાસરસ અને સંશોધનકાર્ય વચ્ચેના સંબંધને સમજવામાં મદદરૂપ બને છે.

૫. ગ્રંથલેખન અને સંશોધનકાર્ય

ડૉ. ખાચરના ઐતિહાસિક કાર્યને સમજવા માટે તેમની કૃતિઓનો વિષયવાર અભ્યાસ મહત્વપૂર્ણ છે. તેમની અધિકૃત વેબસાઇટમાં ઈ.સ. ૨૦૦૦થી ૨૦૨૪ સુધીની ૩૩ કૃતિઓ દર્શાવવામાં આવી છે. આ યાદીમાં તેમની પોતાની કૃતિઓ ઉપરાંત અન્ય મૂળ કૃતિઓના સંપાદિત, સંવર્ધિત અથવા અનુવાદિત સ્વરૂપ સાથે સંબંધિત ગ્રંથો પણ છે. તેથી આ તમામને એકસરખી રીતે 'મૂળ રચનાઓ' કહેવાને બદલે 'વેબસાઇટ પર દર્શાવાયેલી કૃતિઓ અને ગ્રંથપ્રવેશો' તરીકે જોવું વધુ યોગ્ય છે.

આ યાદીમાં *પ્રાચીન ભારતના વિદેશીયાત્રી, ભૂચર મોરીની લડાઈ, ઈતિહાસ સુમન, સોરઠની વિદ્યાપીઠ બહાઉદ્દીન કોલેજ, ઈતિહાસ એટલે?, ગ્રંથો અને શિલાલેખો, ભૂલે બિસરે આઈને, તવારીખ, સૌરાષ્ટ્ર-ગુજરાતના શાસકોની વંશાવળીઓ, કાઠિયાવાડ સર્વસંગ્રહ, કાઠિયાવાડના રાજવીઓ, સ્વામિનારાયણ સંપ્રદાયમાં કાઠી દરબારોનું પ્રદાન, કાઠીઓ અને કાઠિયાવાડ, બાબી રાજવંશના ગીતો, ઈતિહાસ મંજૂષા, ડૉ. શંભુપ્રસાદ દેસાઈ, ગિરનારનો ઈતિહાસ, સૌરાષ્ટ્રનો ગૌરવવંતો ઈતિહાસ, તસવીરોમાં જૂનાગઢ, સોરઠ સરકાર, સંશોધક પરિચય, ગિર ગિરનારના મંદિરો, ઈતિહાસની અજાણી વાતો, ઈતિહાસ વારિધિ, કાઠીઓનો ઈતિહાસ, હિસ્ટ્રી ઓફ કાઠી, સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ રાજવીઓ, ગીર સોમનાથ જિલ્લાના ઐતિહાસિક સ્થળો, કાઠિયાવાડની રસધાર, સોરઠ અને બરડા પ્રદેશનો ઈતિહાસ* અને *ઈતિહાસની અટારીએથી* જેવી કૃતિઓનો સમાવેશ થાય છે.

આ કૃતિઓનું વિષયવાર અવલોકન કરતાં ડૉ. ખાચરના કાર્યની વ્યાપકતા સ્પષ્ટ થાય છે. પ્રાદેશિક ઇતિહાસ ઉપરાંત કાઠી સમાજ, રાજવી પરંપરા, વંશાવળી, શિલાલેખ, ધાર્મિક-સામાજિક ઇતિહાસ, સંસ્થાકીય ઇતિહાસ, ઐતિહાસિક સ્થળો, સ્થાપત્ય, સાંસ્કૃતિક વારસા, જીવનચરિત્ર અને નિબંધલેખન જેવા વિવિધ ક્ષેત્રોને તેમાં સ્થાન મળ્યું છે.

આથી તેમનું ગ્રંથસર્જન કોઈ એક વિષય અથવા પ્રદેશ પૂરતું મર્યાદિત ન રહી, સૌરાષ્ટ્રના ભૂતકાળના વિવિધ પરિમાણોને આવરી લેતું જોવા મળે છે.

૬. ઐતિહાસિક સ્રોતોની શોધ અને ઉપયોગ

ઇતિહાસના પુનર્નિર્માણમાં સ્રોતોની પસંદગી અને તેમની વિશ્વસનીયતાની તપાસનું મૂળભૂત મહત્વ છે. ડૉ. ખાચરના કાર્યને જોતા ગ્રંથો ઉપરાંત શિલાલેખો, તવારીખો, વંશાવળીઓ, અભિલેખાગારના દસ્તાવેજો અને તસવીરો જેવા વિવિધ સ્રોતો તરફ તેમનું ધ્યાન રહ્યું હોવાનું જણાય છે.

શિલાલેખો રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક ઇતિહાસના વિવિધ પાસાં સમજવામાં મદદરૂપ બની શકે છે. તવારીખો સમયગત ઘટનાઓ અને શાસકીય પરિસ્થિતિઓના અભ્યાસ માટે ઉપયોગી બની શકે છે. વંશાવળીઓ રાજવી પરિવારો અને સ્થાનિક સત્તાકીય પરંપરાઓને સમજવામાં સહાય કરે છે. અભિલેખાગારના દસ્તાવેજો વહીવટી, રાજકીય અને સંસ્થાકીય ઇતિહાસ માટે મહત્વપૂર્ણ સ્રોત બની શકે છે.

આ દૃષ્ટિએ *ગ્રંથો અને શિલાલેખો, સૌરાષ્ટ્ર-ગુજરાતના શાસકોની વંશાવળીઓ* અને અન્ય પ્રાદેશિક કૃતિઓ ડૉ. ખાચરના સ્રોતવિષયક અભિગમને સમજવામાં મદદરૂપ બને છે.

જોકે કોઈ પણ સ્રોતનો ઉપયોગ માત્ર તેના અસ્તિત્વને આધારે પૂરતો નથી. સ્રોતનો સમયસંદર્ભ, રચનાસંદર્ભ, લેખક, હેતુ અને વિશ્વસનીયતા પણ તપાસવી જરૂરી બને છે. આ દૃષ્ટિએ ડૉ. ખાચરના કાર્યને વધુ વ્યાપક સ્રોતસમીક્ષાત્મક અભ્યાસ સાથે જોડવાની શક્યતા ભવિષ્યના સંશોધન માટે ખુલ્લી રહે છે.

૭. કાઠી સમાજ અને કાઠિયાવાડના ઇતિહાસનું દસ્તાવેજીકરણ

ડૉ. પ્રદ્યુમ્ન ખાચરના સંશોધનકાર્યમાં કાઠી સમાજ અને કાઠિયાવાડને વિશિષ્ટ સ્થાન મળ્યું છે. *કાઠીઓ અને કાઠિયાવાડ, કાઠીઓનો ઇતિહાસ, હિસ્ટ્રી ઓફ કાઠી, કાઠિયાવાડના રાજવીઓ, સ્વામિનારાયણ સંપ્રદાયમાં કાઠી દરબારોનું પ્રદાન* અને *કાઠિયાવાડ સર્વસંગ્રહ* જેવી કૃતિઓ આ ક્ષેત્રમાં તેમના રસ અને સંશોધનવિસ્તારને દર્શાવે છે.

કાઠી સમાજનો ઇતિહાસ માત્ર એક સમુદાયના ઇતિહાસ તરીકે નહીં, પરંતુ સૌરાષ્ટ્રના રાજકીય અને સામાજિક ઇતિહાસના એક ઘટક તરીકે પણ સમજવો જરૂરી છે. કાઠી દરબારો, સ્થાનિક સત્તાકેન્દ્રો, રાજવી પરંપરા અને ધાર્મિક-સામાજિક સંબંધોનો અભ્યાસ સૌરાષ્ટ્રના વ્યાપક ઇતિહાસને સમજવામાં સહાયરૂપ બની શકે છે.

કર્નલ વોટસનની કૃતિ સાથે સંબંધિત ગુજરાતી અને અંગ્રેજી ગ્રંથો પણ નોંધપાત્ર છે. જૂની ઐતિહાસિક સામગ્રીને નવા વાચકવર્ગ સુધી પહોંચાડવામાં સંપાદન અને પુનઃપ્રકાશનની ભૂમિકા મહત્વપૂર્ણ બની શકે છે. સાથે જ મૂળ કૃતિ અને સંપાદિત આવૃત્તિ વચ્ચેના સંબંધનું સ્વતંત્ર મૂલ્યાંકન સંશોધન માટે જરૂરી રહે છે.

આ રીતે કાઠી ઇતિહાસ સંબંધિત તેમનું કાર્ય સૌરાષ્ટ્રના પ્રાદેશિક સામાજિક અને રાજકીય ઇતિહાસના એક વિશિષ્ટ ક્ષેત્રને દસ્તાવેજીકૃત કરવાની પ્રવૃત્તિ તરીકે જોઈ શકાય છે.

૮. જૂનાગઢ, ગિરનાર, સોરઠ અને બરડાના ઇતિહાસનું દસ્તાવેજીકરણ

ડૉ. ખાચરના સંશોધનકાર્યમાં જૂનાગઢ અને ગિરનાર વિસ્તારને મહત્વનું સ્થાન મળ્યું છે. *ગિરનારનો ઇતિહાસ, તસવીરોમાં જૂનાગઢ, ગિર ગિરનારના મંદિરો, ગીર સોમનાથ જિલ્લાના ઐતિહાસિક સ્થળો* અને *સોરઠ અને બરડા પ્રદેશનો ઇતિહાસ* જેવી કૃતિઓ આ બાબતને સમજવામાં મદદ કરે છે.

પ્રાદેશિક ઇતિહાસના અભ્યાસમાં કોઈ સ્થળને માત્ર ભૌગોલિક સ્થાન તરીકે જોવાને બદલે તેની સાથે જોડાયેલા સ્મારકો, મંદિરો, શિલાલેખો, સ્થાપત્ય, સ્થાનિક પરંપરાઓ અને અન્ય સ્રોતોને સાથે લઈને જોવામાં આવે ત્યારે ઇતિહાસનું વધુ વિસ્તૃત ચિત્ર ઊભું થઈ શકે છે.

આ સંદર્ભમાં તસવીરોનું દસ્તાવેજીકરણ પણ મહત્વપૂર્ણ છે. દૃશ્ય સામગ્રી ઐતિહાસિક સ્થળો અને સ્મારકોની સ્થિતિ, રચના અને સંદર્ભને સમજવામાં પૂરક ભૂમિકા ભજવી શકે છે. તેથી ડૉ. ખાચરના કાર્યમાં જોવા મળતું સ્થળકેન્દ્રિત દસ્તાવેજીકરણ પ્રાદેશિક ઇતિહાસના અભ્યાસનું મહત્વપૂર્ણ પરિમાણ છે.

૯. અભિલેખાગાર અને ઐતિહાસિક માહિતીની શોધ

પ્રાદેશિક ઇતિહાસના સંશોધનમાં અભિલેખાગારનું વિશેષ મહત્વ છે. સ્થાનિક રાજકીય વ્યવસ્થા, રજવાડાં, વહીવટ અને સંસ્થાકીય પ્રવૃત્તિઓ વિશેની માહિતી અનેક પ્રકારના દસ્તાવેજોમાં સચવાયેલી હોઈ શકે છે.

*ઇતિહાસનો આરાધક*માં ડૉ. ખાચરની અભિલેખાગાર આધારિત સંશોધનપ્રવૃત્તિ અંગે માહિતી મળે છે. તેમાં ગુજરાત રાજ્ય અભિલેખાગાર તથા જૂનાગઢ, રાજકોટ અને ભાવનગર જેવા કેન્દ્રોમાં ઉપલબ્ધ દસ્તાવેજો અને સંશોધનસામગ્રીની શોધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અભિલેખાગાર સુધી પહોંચવું અને ત્યાં રહેલી સામગ્રીમાંથી સંશોધન માટે ઉપયોગી માહિતી શોધવી એ સંશોધનની મહેનતભરી પ્રક્રિયા છે. ખાસ કરીને પ્રાદેશિક ઇતિહાસના સંશોધનમાં સ્થાનિક દસ્તાવેજોનું મહત્વ વધે છે. આ દૃષ્ટિએ અભિલેખાગાર તરફ સંશોધકોનું ધ્યાન દોરવાનું કાર્ય નોંધપાત્ર ગણાય છે.

૧૦. અખબારી લેખન અને ઇતિહાસનો લોકપ્રસાર

ડૉ. ખાચરના ઇતિહાસલેખનની વિશેષતા એ છે કે ઐતિહાસિક વિષયો માત્ર શૈક્ષણિક ગ્રંથો સુધી મર્યાદિત રહ્યા નથી. અખબારી લેખન દ્વારા ઐતિહાસિક વિષયોને સામાન્ય વાચકો સુધી પહોંચાડવાની પ્રવૃત્તિ તેમના કાર્યનું મહત્વપૂર્ણ પરિમાણ છે.

તેમની અધિકૃત વેબસાઇટના પ્રેસ વિભાગમાં મુંબઈ સમાચાર, ગુજરાત સમાચાર અને ફૂલછાબ સાથે સંબંધિત અખબારી કટિંગ્સનો સંગ્રહ દર્શાવવામાં આવ્યો છે. તેમાં મુંબઈ સમાચાર માટે 'લોકકથાની વાતો', ગુજરાત સમાચાર માટે 'ગુજરાત કૉલમ' અને ફૂલછાબ માટે 'ફૂલછાબ કૉલમ' જેવા ઉલ્લેખો જોવા મળે છે.

અખબારનું માધ્યમ સંશોધનાત્મક માહિતી અને સામાન્ય વાચક વચ્ચે સેતુનું કાર્ય કરી શકે છે. સંશોધક જ્યારે ઐતિહાસિક વિષયને સામાન્ય વાચક માટે સુલભ ભાષામાં રજૂ કરે છે ત્યારે ઇતિહાસના લોકપ્રસારની શક્યતા વધે છે.

આથી ડૉ. ખાચરનું અખબારી લેખન તેમના શૈક્ષણિક કાર્યનું માત્ર અનુસંગી સ્વરૂપ નથી, પરંતુ ઇતિહાસને જાહેર ક્ષેત્રમાં લઈ જતી પ્રવૃત્તિ તરીકે પણ સમજવા યોગ્ય છે.

૧૧. દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો અને ડિજિટલ દસ્તાવેજીકરણ

ડૉ. ખાચરના કાર્યનું આધુનિક પરિમાણ તેમની અધિકૃત વેબસાઇટના મીડિયા વિભાગમાંથી વધુ સ્પષ્ટ થાય છે. ત્યાં ઐતિહાસિક સ્થળો, વ્યક્તિઓ, સંસ્થાઓ અને વિવિધ ઐતિહાસિક વિષયો સાથે સંબંધિત અનેક વિડિયો રજૂ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત વેબસાઇટ પર સ્પોટિફાય પોડકાસ્ટ, આકાશવાણી, દૂરદર્શન અને સામાજિક માધ્યમો સાથે જોડાયેલી પ્રવૃત્તિઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વેબસાઇટ પર દર્શાવ્યા મુજબ 575 વિડિયો, 3 લેખન અને 347 ટ્રાન્સક્રિપ્ટ્સનું અનુક્રમણિકીકરણ કરવામાં આવ્યું છે. આ આંકડાઓને વેબસાઇટ દ્વારા દર્શાવવામાં આવેલા ડિજિટલ સંગ્રહના આંકડા તરીકે જ જોવામાં આવ્યા છે. તેમને સ્વતંત્ર રીતે ચકાસાયેલા ઐતિહાસિક પુરાવા તરીકે રજૂ કરવાનું યોગ્ય નથી.

ડિજિટલ સંગ્રહ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે ઇતિહાસપ્રસારનું ક્ષેત્ર મુદ્રિત પુસ્તક અને અખબારથી આગળ વધીને દૃશ્ય-શ્રાવ્ય અને ડિજિટલ માધ્યમ સુધી વિસ્તર્યું છે. ઐતિહાસિક સ્થળે જઈને માહિતી આપવી, સ્થળના દૃશ્યો રજૂ કરવા, વ્યાખ્યાનને દૃશ્ય-શ્રાવ્ય સ્વરૂપ આપવું અને તેને ડિજિટલ માધ્યમમાં સંગ્રહિત કરવું—આ પ્રવૃત્તિઓ જાહેર ઇતિહાસના વિસ્તરતા સ્વરૂપ સાથે સંબંધિત છે.

જોકે ડિજિટલ માધ્યમમાં ઉપલબ્ધ સામગ્રીને પણ સ્રોતસમીક્ષાની દૃષ્ટિએ જોવી જરૂરી છે. ડિજિટલ રજૂઆત ઐતિહાસિક પુરાવાનો વિકલ્પ નથી; પરંતુ તે ઐતિહાસિક માહિતીના પ્રસાર અને દૃશ્ય દસ્તાવેજીકરણ માટે મહત્વપૂર્ણ પૂરક માધ્યમ બની શકે છે.

૧૨. અધ્યાપક અને સંશોધન માર્ગદર્શક તરીકેની ભૂમિકા

ઇતિહાસના સંશોધકની ભૂમિકા માત્ર પોતાના સંશોધન સુધી મર્યાદિત રહેતી નથી. સંશોધનમાંથી પ્રાપ્ત જ્ઞાનનું અધ્યાપન અને નવી પેઢીના સંશોધકોને માર્ગદર્શન આપવું પણ શૈક્ષણિક કાર્યનો મહત્વપૂર્ણ ભાગ છે.

*'ઇતિહાસનો આરાધક'*માં ડૉ. ખાચરના અધ્યાપનકાર્ય, સંશોધન અને અધ્યાપન ક્ષેત્રે માર્ગદર્શન તથા પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ સાથેના તેમના સંબંધ અંગે માહિતી મળે છે. આ પાસું તેમના ઐતિહાસિક કાર્યને સંશોધન અને જ્ઞાનસંવહન બંને સાથે જોડે છે.

તેથી તેમના કાર્યનું મૂલ્યાંકન કરતી વખતે પ્રકાશિત ગ્રંથો ઉપરાંત અધ્યાપન અને સંશોધન માર્ગદર્શનને પણ પૂરક પરિમાણ તરીકે ધ્યાનમાં લેવું યોગ્ય છે.

૧૩. સન્માનો અને જાહેર માન્યતા

ઉપલબ્ધ સામગ્રીમાં ડૉ. ખાચરને પ્રાપ્ત થયેલા વિવિધ સન્માનો અને જાહેર માન્યતાનો ઉલ્લેખ મળે છે. તેમાં ગુજરાત સરકાર દ્વારા જૂનાગઢ ખાતે થયેલું સન્માન, જૂનાગઢના ઉપરકોટ કિલ્લા ખાતે ધ્વજવંદનનું બહુમાન તથા સંસ્કૃતિ અને ઇતિહાસના જતન સાથે સંબંધિત સન્માનનો સમાવેશ થાય છે.

આ પ્રકારના સન્માનોને તેમના ઐતિહાસિક સંશોધનના સ્વતંત્ર પુરાવા તરીકે નહીં, પરંતુ તેમના કાર્યને મળેલી સંસ્થાકીય અથવા જાહેર માન્યતાના સંકેત તરીકે સમજવા યોગ્ય છે. સંશોધનાત્મક મૂલ્યાંકનમાં સન્માન કરતાં કૃતિઓ, સ્રોતો, સંશોધનપદ્ધતિ અને તારણોને વધુ મહત્વ આપવું જોઈએ. તેમ છતાં જાહેર અને સંસ્થાકીય માન્યતા કોઈ સંશોધકના કાર્યના સામાજિક પ્રભાવને સમજવા માટે પૂરક માહિતી પૂરી પાડી શકે છે.

૧૪. ઐતિહાસિક પ્રદાનનું વિશ્લેષણ

ઉપરોક્ત ચર્ચાને એકત્રિત રીતે જોતા ડૉ. પ્રદ્યુમ્ન ખાચરના ઐતિહાસિક કાર્યની કેટલીક વિશિષ્ટતાઓ સામે આવે છે.

પ્રથમ, તેમના સંશોધનનો મોટો હિસ્સો સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડના પ્રાદેશિક વિષયો સાથે જોડાયેલો છે. આથી સ્થાનિક ઇતિહાસને સંશોધનના કેન્દ્રમાં રાખવાની તેમની દૃષ્ટિ સ્પષ્ટ થાય છે.

બીજું, તેમના કાર્યમાં સ્રોતોની વિવિધતા જોવા મળે છે. ગ્રંથો અને પ્રકાશિત સામગ્રી ઉપરાંત શિલાલેખો, તવારીખો, વંશાવળીઓ, તસવીરો તથા અભિલેખાગારના દસ્તાવેજો જેવા સ્રોતો તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે.

ત્રીજું, તેમના ગ્રંથોના વિષયવિસ્તારમાં રાજકીય ઇતિહાસની સાથે સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, સ્થાપત્ય અને સ્થળવિશેષના ઇતિહાસને પણ સ્થાન મળ્યું છે.

ચોથું, કાઠી સમાજ અને કાઠિયાવાડના ઇતિહાસને લગતું તેમનું કાર્ય પ્રાદેશિક ઇતિહાસના વિશિષ્ટ ક્ષેત્રને સમજવા માટે મહત્વપૂર્ણ છે.

પાંચમું, અખબારી લેખન દ્વારા ઐતિહાસિક વિષયોને સામાન્ય વાચક સુધી પહોંચાડવાની પ્રવૃત્તિ તેમના કાર્યને જાહેર ઇતિહાસના પરિપ્રેક્ષ્ય સાથે જોડે છે.

છઠ્ઠું, ડિજિટલ માધ્યમો દ્વારા વિડિયો, લેખન અને ટ્રાન્સક્રિપ્ટ્સનું સંગ્રહણ તેમના કાર્યને સમકાલીન દસ્તાવેજીકરણની દિશામાં વિસ્તારે છે.

સાતમું, અધ્યાપન અને સંશોધન માર્ગદર્શન તેમના કાર્યનું મહત્વપૂર્ણ શૈક્ષણિક પરિમાણ છે.

આથી ડૉ. ખાચરના ઐતિહાસિક પ્રદાનને માત્ર ગ્રંથોની સંખ્યા દ્વારા માપવાને બદલે સંશોધન, સ્રોતશોધ, દસ્તાવેજીકરણ, જાહેર ઇતિહાસ, ડિજિટલ પ્રસાર અને જ્ઞાનસંવહનના સંયુક્ત પરિપ્રેક્ષ્યમાં જોવું વધુ યોગ્ય છે.

૧૫. અભ્યાસનાં મુખ્ય તારણો

પ્રસ્તુત અભ્યાસમાંથી નીચેના મુખ્ય તારણો પ્રાપ્ત થાય છે:

૧. ડૉ. પ્રદ્યુમ્ન ખાચરના ઐતિહાસિક કાર્યનું મુખ્ય ક્ષેત્ર સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડના પ્રાદેશિક ઇતિહાસ સાથે ગાઢ રીતે સંકળાયેલું છે.

૨. તેમના કાર્યમાં કાઠી સમાજ, રાજવી પરિવારો, જૂનાગઢ, ગિરનાર, સોરઠ, બરડા, ગીર સોમનાથ તથા અન્ય ઐતિહાસિક પ્રદેશો અને સ્થળોને સ્થાન મળ્યું છે.

૩. તેમની કૃતિઓનો વિષયવિસ્તાર માત્ર રાજકીય ઇતિહાસ સુધી મર્યાદિત નથી; સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, સ્થાપત્ય અને સાંસ્કૃતિક વારસાના પાસાંઓ પણ તેમાં જોવા મળે છે.

૪. શિલાલેખો, તવારીખો, વંશાવળીઓ, ગ્રંથો, તસવીરો અને અભિલેખાગારના દસ્તાવેજો જેવા વિવિધ ઐતિહાસિક સ્રોતો પ્રત્યે તેમનું ધ્યાન નોંધપાત્ર છે.

૫. અભિલેખાગાર આધારિત માહિતીની શોધ તરફ સંશોધકોનું ધ્યાન દોરવાનું કાર્ય પ્રાદેશિક ઇતિહાસ માટે મહત્વપૂર્ણ છે.

૬. અખબારી લેખન દ્વારા ઐતિહાસિક વિષયોને સામાન્ય વાચક સુધી પહોંચાડવાની પ્રવૃત્તિ તેમના કાર્યમાં જાહેર ઇતિહાસનું પરિમાણ ઉમેરે છે.

૭. અધિકૃત વેબસાઇટ પર ઉપલબ્ધ મીડિયા સંગ્રહ તેમના કાર્યના દૃશ્ય-શ્રાવ્ય અને ડિજિટલ વિસ્તરણને દર્શાવે છે.

૮. વેબસાઇટ પર દર્શાવાયેલા 575 વિડિયો, 3 લેખ અને 347 ટ્રાન્સક્રિપ્ટ્સ ડિજિટલ દસ્તાવેજીકરણના વ્યાપને દર્શાવે છે.

૯. ડિજિટલ માધ્યમોનો ઉપયોગ ઐતિહાસિક માહિતીના પ્રસાર અને દૃશ્ય દસ્તાવેજીકરણ માટે પૂરક સાધન તરીકે થયો હોવાનું જણાય છે.

૧૦. અધ્યાપન અને સંશોધન માર્ગદર્શન તેમના કાર્યનું મહત્વપૂર્ણ શૈક્ષણિક પરિમાણ છે.

૧૧. જાહેર તથા સંસ્થાકીય સન્માનો તેમના કાર્યને મળેલી માન્યતાના પૂરક સંકેતો આપે છે.

સમગ્ર અભ્યાસ પરથી એવું જણાય છે કે ડૉ. ખાચરના કાર્યને માત્ર ગ્રંથલેખન તરીકે જોવાને બદલે પ્રાદેશિક ઇતિહાસની શોધ, સ્રોતસંગ્રહ, દસ્તાવેજીકરણ, લોકપ્રસાર અને શૈક્ષણિક માર્ગદર્શનની સંકલિત પ્રક્રિયા તરીકે સમજવું વધુ યોગ્ય છે.

૧૬. ઉપસંહાર

સૌરાષ્ટ્રના ઇતિહાસના વિવિધ પાસાંઓને સમજવા માટે સ્થાનિક સ્રોતોનું સંરક્ષણ, સંશોધન અને દસ્તાવેજીકરણ આવશ્યક છે. ડૉ. પ્રદ્યુમ્ન ખાચરના કાર્યમાં આ પ્રક્રિયાના વિવિધ તબક્કાઓ સાથે તેમનો સંબંધ જોવા મળે છે. કાઠી સમાજ અને સંસ્કૃતિ, ગિરનાર અને જૂનાગઢ, સોરઠ અને બરડા, રાજવી ઇતિહાસ, ઐતિહાસિક સ્થળો અને સાંસ્કૃતિક વારસા જેવા વિષયો તેમના સંશોધનવિસ્તારને દર્શાવે છે.

તેમના કાર્યની વિશેષતા માત્ર વિષયોની સંખ્યામાં નથી. વિવિધ પ્રકારના સ્રોતો તરફનું ધ્યાન, અભિલેખાગારમાંથી માહિતી મેળવવાની પ્રવૃત્તિ, પ્રાદેશિક વિષયોનું ગ્રંથલેખન, અખબારી માધ્યમ દ્વારા ઇતિહાસનો લોકપ્રસાર અને ડિજિટલ માધ્યમ દ્વારા ઐતિહાસિક સામગ્રીનું સંકલન—આ તમામ પાસાંને સાથે જોવાથી તેમના કાર્યનું સ્વરૂપ વધુ સ્પષ્ટ બને છે.

ખાસ કરીને અધિકૃત વેબસાઇટ પર ઉપલબ્ધ ગ્રંથ, મીડિયા અને અખબારી સામગ્રી તેમના ઐતિહાસિક કાર્યને આધુનિક ડિજિટલ દસ્તાવેજીકરણ સાથે જોડે છે. પુસ્તક, અખબાર, વિડિયો, પોડકાસ્ટ, પ્રસારણ અને ડિજિટલ સંગ્રહ જેવા વિવિધ માધ્યમો ઇતિહાસના જાહેર પ્રસારને વિસ્તૃત કરે છે. જોકે ડિજિટલ માધ્યમમાં ઉપલબ્ધ માહિતીને પણ સ્રોતસમીક્ષાત્મક દૃષ્ટિએ જોવી જરૂરી છે.

આ અભ્યાસના આધારે કહી શકાય કે ડૉ. પ્રદ્યુમ્ન ખાચરનું ઐતિહાસિક કાર્ય સૌરાષ્ટ્રના પ્રાદેશિક ઇતિહાસના સંશોધન અને દસ્તાવેજીકરણ સાથે ગાઢ રીતે જોડાયેલું છે. તેમના કાર્યને એકલાં ગ્રંથો અથવા એકલાં સંશોધનવિષયો દ્વારા સમજવાને બદલે સ્રોતશોધ, લેખન, દસ્તાવેજીકરણ, જાહેર ઇતિહાસ, ડિજિટલ પ્રસાર અને અધ્યાપનના સંકલિત પરિપ્રેક્ષ્યમાં જોવું વધુ યોગ્ય છે.

આ અર્થમાં ડૉ. પ્રદ્યુમ્ન ખાચરનું કાર્ય સૌરાષ્ટ્રના ઇતિહાસના અભ્યાસ માટે માત્ર માહિતીનો સંગ્રહ પૂરું પાડતું નથી, પરંતુ પ્રાદેશિક ભૂતકાળને શોધવા, તેને દસ્તાવેજીકૃત કરવા અને સમાજ સુધી પહોંચાડવાની સતત સંશોધનપ્રક્રિયાનું ઉદાહરણ પણ પૂરું પાડે છે.

સંદર્ભસૂચિ

1 વાળા, ડૉ. ધીરુભાઈ પી. (૨૦૧૩). *ઇતિહાસનો આરાધક (ડૉ. પ્રદ્યુમ્ન ખાચર).* જૂનાગઢ: શ્રી ગોવિંદભાઈ પી. વાળા.

2 જાની, પ્રો. ડૉ. એસ. વી. (૨૦૧૩). "આમુખ." *ઇતિહાસનો આરાધક.* જૂનાગઢ.

3 પંડ્યા, વિષ્ણુ. (૨૦૦૩, સપ્ટેમ્બર ૨૮). "ઇતિહાસ સંસ્થાઓ આવું કરે તો કેવું સારું." *લોકસત્તા-જનસત્તા.*

4 ખાચર, ડૉ. પ્રદ્યુમ્ન ભ. (૨૦૦૫). *કાઠિયાવાડ સર્વસંગ્રહ.* જૂનાગઢ.

5 ખાચર, ડૉ. પ્રદ્યુમ્ન ભ. (૨૦૦૬). *કાઠીઓ અને કાઠિયાવાડ.* પીએચ.ડી. મહાનિબંધ.

6 ખાચર, ડૉ. પ્રદ્યુમ્ન ભ. (૨૦૨૦). *સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ રાજવીઓ.* અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

7 ખાચર, ડૉ. પ્રદ્યુમ્ન ભ. (૨૦૨૧). *કાઠિયાવાડની રસધાર.* રાજકોટ: નવયુગ પુસ્તક ભંડાર.

8 ખાચર, ડૉ. પ્રદ્યુમ્ન ભ. (૨૦૨૨). *સોરઠ અને બરડા પ્રદેશનો ઈતિહાસ.* વડોદરા: પ્રાચ્યવિદ્યા મંદિર.

9 ખાચર, ડૉ. પ્રદ્યુમ્ન ભ. (૨૦૨૪). *ઈતિહાસની અટારીએથી.* રાજકોટ: નવયુગ પુસ્તક ભંડાર.

10 ડૉ. પ્રદ્યુમ્ન ખાચરની અધિકૃત વેબસાઈટ

ભારતીય કાવ્યશાસ્ત્રના સિદ્ધાંતોનો મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ: એક વિશ્લેષણ

ડૉ.કોમલબેન રમેશભાઈ મકવાણા
આસિસ્ટન્ટ પ્રોફેસર (એડહોક)
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

મુખ્ય શબ્દો:
રસ સિદ્ધાંત, અલંકાર શાસ્ત્ર, ધ્વનિ પરંપરા, મધ્યકાલીન પદ્ય, નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ, ભક્તિ કાવ્ય, આખ્યાન.

સારાંશ:
પ્રસ્તુત સંશોધન પત્રમાં ભારતીય કાવ્યશાસ્ત્રના ત્રિપદા ગણાતા રસ, અલંકાર અને ધ્વનિના સિદ્ધાંતો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કેવી રીતે પ્રગટ્યા છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્રનાનિયમોમધ્યકાળનાકવિઓએ શાસ્ત્રીય ગ્રંથો વાંચીને નહીં, પરંતુ પરંપરાગત સંસ્કારો અને લોકબોલીનામાધ્યમથીઆત્મસાત કર્યા હતા. નરસિંહ-મીરાંનાપદોમાં રહેલી શૃંગાર અને ભક્તિ રસની ધારાઓ તેમજ પ્રેમાનંદનાઆખ્યાનોમાં જોવા મળતી રસાત્મકતા અને અલંકાર પ્રચુરતાનું અહીં વિવેચનાત્મક વિશ્લેષણ પ્રસ્તુત છે.

પ્રસ્તાવના

ભારતીય સાહિત્યિક પરંપરામાં 'કાવ્યશાસ્ત્ર' એ માત્ર કાવ્યરચનાનાનિયમોનો સંગ્રહ નથી, પરંતુ તે સર્જનની આંતરખોજ અને સૌંદર્યશાસ્ત્રનું ગહન વિજ્ઞાન છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્રનાઆચાર્યો—ભરતમુનિ, ભામહ, દંડી, વામન, આનંદવર્ધન અને મમ્મટ—એ કાવ્યના આત્માની શોધમાં જે સિદ્ધાંતો આપ્યા, તે ભારતીય જનમાનસમાં અને પરંપરાગત સાહિત્યમાં એટલા ઊંડા ઉતરેલા છે કે જ્યારે પ્રાદેશિક ભાષાઓમાંસાહિત્યસર્જનનો પ્રારંભ થયો, ત્યારે આ સિદ્ધાંતો સહજ રીતે તેમાં વણાઈ ગયા. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, જેનો સમયગાળો અંદાજે ૧૫મી થી ૧૯મી સદી સુધીનો છે, તે આ શાસ્ત્રીય પરંપરાનો જીવંત દસ્તાવેજ છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મુખ્ય ધારા 'ભક્તિ' છે. આ સમયગાળામાં નરસિંહ મહેતા, મીરાંબાઈ અને પ્રેમાનંદ જેવા સમર્થ સર્જકોએ જે પદો અને આખ્યાનોની રચના કરી, તેમાં ભારતીય કાવ્યશાસ્ત્રના 'રસ સિદ્ધાંત'નો અત્યંત ગૂઢ અને પ્રભાવશાળી વિનિયોગ જોવા મળે છે. ભરતમુનિએ 'રસનિષ્પત્તિ'નો જે સિદ્ધાંત આપ્યો, તેને મધ્યકાલીન ભક્તકવિઓએ 'ભક્તિરસ'ના નવા પરિમાણ સાથે લોકભોગ્ય બનાવ્યો. નરસિંહ અને મીરાંનાપદોમાં જે આર્તતા છે, જે સમર્પણ છે, તે માત્ર ધાર્મિક ઉદગાર નથી પણ શૃંગાર અને કરુણ રસની પરાકાષ્ઠા છે. જ્યારે સંસ્કૃતમાં આ સિદ્ધાંતો શાસ્ત્રીય ચર્ચાઓનો વિષય હતા, ત્યારે મધ્યકાલીન ગુજરાતના કવિઓએ તેને કીર્તન, પદ અને આખ્યાન દ્વારા સામાન્ય જનતાના હૃદય સુધી પહોંચાડ્યા.

બીજી તરફ, 'અલંકાર સિદ્ધાંત'નીદ્રષ્ટિએ જોઈએ તો, મધ્યકાળનાસર્જકોએઅલંકારોનો ઉપયોગ માત્ર પાંડિત્ય પ્રદર્શન માટે નહીં, પરંતુ ભાવની અભિવ્યક્તિને ધારદાર બનાવવા માટે કર્યો છે. પ્રેમાનંદ જેવા આખ્યાનકાર જ્યારે નળાખ્યાન કે સુદામાચરિત્રમાંપાત્રોના રૂપનું કે સંઘર્ષનું વર્ણન કરે છે, ત્યારે ઉપમા, રૂપક અને અતિશયોક્તિ જેવા અલંકારોકાવ્યના બાહ્ય વાઘા બનીને નહીં પણ તેના અભિન્ન અંગ બનીને આવે છે. અલંકારશાસ્ત્રનાઆચાર્યો જે 'ચમત્કૃતિ'ની વાત કરે છે, તે પ્રેમાનંદનીવર્ણનકલામાં સાક્ષાત્ પ્રગટ થાય છે.

તદુપરાંત, 'ધ્વનિ સિદ્ધાંત' અથવા વ્યંજનાશક્તિ એ મધ્યકાલીન પદસાહિત્યનું હાર્દ છે. આનંદવર્ધને 'કાવ્યસ્ય આત્મા ધ્વનિઃ' કહીને જે ગૂઢાર્થની વાત કરી છે, તે મીરાંનાવિરહપદોમાં કે નરસિંહનાતત્વજ્ઞાનસભરપ્રભાતિયાંમાંસ્પષ્ટપણે વર્તાય છે. વાચ્યાર્થ (સીધો અર્થ) કરતા જે વ્યંગ્યાર્થ કે ધ્વનિ પ્રગટે છે, તે ભાવકને આધ્યાત્મિક અને રસાત્મક તૃપ્તિ આપે છે.

આ સંશોધન પત્રનો મુખ્ય ઉદ્દેશ્ય એ તપાસવાનો છે કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આ પ્રમુખ કવિઓ ભલે શાસ્ત્રીય અર્થમાં 'કાવ્યશાસ્ત્રીઓ' નહોતા, છતાં તેમની સર્જકતામાં ભારતીય કાવ્યશાસ્ત્રના આત્મા સમાન સિદ્ધાંતો કઈ રીતે

મૂર્તિમંત થયા છે. આ અભ્યાસ દ્વારા એ સિદ્ધ કરવાનો પ્રયાસ છે કે પરંપરાગત શાસ્ત્રીય માન્યતાઓ મધ્યકાલીન સાહિત્યના સ્વરૂપ-ઘડતરમાં પાયાનું બળ બની રહી છે. આ વિશ્લેષણ મધ્યકાલીન સાહિત્યની સમજને માત્ર ધાર્મિક દૃષ્ટિબિંદુથીહટાવીને સાહિત્યિક અને કલાત્મક પરિપ્રેક્ષ્યમાં મૂકવા માટે અત્યંત આવશ્યક છે.

રસ સિદ્ધાંત અને મધ્યકાલીન કવિતા

ભારતીય કાવ્યશાસ્ત્રમાં 'રસ'ને કાવ્યનો આત્મા માનવામાં આવ્યો છે. આચાર્ય ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'માં આપેલું સૂત્ર—"વિભાવાનુભાવવ્યભિચારીસંયોગાદ્રસનિષ્પત્તિઃ"—મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાહાર્દમાં રહેલું છે. મધ્યકાળની કવિતા એ માત્ર શબ્દોની રમત નથી, પરંતુ ભાવકની સંવેદનાને જગાડી તેને પરમાનંદ સુધી પહોંચાડવાનું માધ્યમ છે.

૧. ભક્તિ એ રસનું નવું પરિમાણ

સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં પ્રારંભે આઠ અને ત્યારબાદ શાંત રસ સાથે નવ રસની માન્યતા હતી. પરંતુ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'ભક્તિ' એ એક સ્વતંત્ર અને પ્રબળ રસ તરીકે ઉભરી આવ્યો. આ સમયગાળાનાકવિઓએ ભક્તિને માત્ર પૂજા-પાઠ પૂરતી મર્યાદિત ન રાખતા, તેને 'મધુરા ભક્તિ' દ્વારા શૃંગાર સાથે અને 'આર્ત ભક્તિ' દ્વારા કરુણ રસ સાથે જોડી દીધી.

૨. નરસિંહ મહેતા: શૃંગાર અને ભક્તિનો સમન્વય

નરસિંહ મહેતાનીકવિતામાંરસની સરવાણી ફૂટે છે. તેમના શૃંગારનાપદોમાં 'સંભોગ શૃંગાર'નું અત્યંત જીવંત નિરૂપણ મળે છે. રાસલીલાનાવર્ણનોમાં તેઓ વિભાવ (કૃષ્ણ-ગોપી), અનુભાવ (નૃત્ય, હાવભાવ) અને વ્યભિચારી ભાવો દ્વારા એવી રસાત્મકતા ઊભી કરે છે કે વાચક પોતે તે લીલાનો સાક્ષી બની જાય છે. નરસિંહની કવિતામાં જ્યારે લૌકિક શૃંગાર અલૌકિક ભક્તિમાં પલટાય છે, ત્યારે 'શાંત રસ'ની પણ સ્થાપના થાય છે.

૩. મીરાંબાઈ: વિરહ અને કરુણ રસની ધારા

મીરાંની કવિતાનું મુખ્ય અંગ 'વિપ્રલંભ શૃંગાર' (વિરહ) છે. મીરાંનાપદોમાં જે આર્તતા અને વેદના છે, તે 'કરુણ રસ'નીવ્યાખ્યામાં બંધ બેસે છે. અહીં વિભાવ તરીકે ગિરધર ગોપાલ છે અને અનુભાવ તરીકે મીરાંનીઆંખોના આંસુ અને એકલતા છે. મીરાં જ્યારે "હેરી મેં તો પ્રેમ દિવાની, મેરો દર્દ ન જાણે કોય" કહે છે, ત્યારે તે ભાવકને કરુણ અને ભક્તિ રસના એક અનોખા સંગમ પર લઈ જાય છે. તેમની કવિતામાં રસ એ માત્ર અલંકાર નથી, પણ આત્માની અભિવ્યક્તિ છે.

૪. પ્રેમાનંદ: રસવૈવિધ્યના સ્વામી

મધ્યકાલીન સાહિત્યમાં જો કોઈએ રસ સિદ્ધાંતનો સૌથી વધુ પ્રાયોગિક અને સફળ ઉપયોગ કર્યો હોય તો તે 'કવિ શિરોમણી' પ્રેમાનંદ છે. માણભટ્ટ તરીકે પ્રેમાનંદ પ્રેક્ષકોની નાડ પારખતા હતા. તેમના આખ્યાનોમાં 'નવરસ'નું સપ્રમાણ મિશ્રણ જોવા મળે છે:

નળાખ્યાન: શૃંગાર અને કરુણ રસની પરાકાષ્ઠા.

સુદામાચરિત્ર: ગરીબાઈના વર્ણન દ્વારા કરુણ રસ અને અંતે કૃષ્ણ-મિલન દ્વારા અદ્‌ભુત રસ.

ચન્દ્રહાસ આખ્યાન: હાસ્ય અને અદ્‌ભુતરસની જમાવટ.

પ્રેમાનંદની વિશેષતા એ હતી કે તેઓ એક રસમાંથી બીજા રસમાં અત્યંત સહજતાથી સંક્રમણ કરી શકતા, જેને કાવ્યશાસ્ત્રમાં 'રસ-મૈત્રી' કહેવામાં આવે છે.

મધ્યકાલીન ગુજરાતી કવિઓએસંસ્કૃતના 'રસ સિદ્ધાંત'નું અંધ અનુકરણ નથી કર્યું, પણ તેને લોકભાષામાંઢાળ્યો છે. શાસ્ત્રીય ગ્રંથોમાં રસ એ પાંડિત્યનો વિષય હતો, જ્યારે મધ્યકાળમાં તે 'લોકભોગ્ય' બન્યો. નરસિંહ-મીરાંમાં ભાવની તીવ્રતા દ્વારા રસનિષ્પત્તિ થાય છે, જ્યારે પ્રેમાનંદમાંવર્ણનકલા અને પાત્રાલેખન દ્વારા. આ કવિઓની કવિતા આજે પણ પ્રસ્તુત છે કારણ કે તે માનવ હૃદયના સ્થાયી ભાવોનેસ્પર્શે છે.

આમ, મધ્યકાલીન ગુજરાતી કવિતા એ ભારતીય કાવ્યશાસ્ત્રના રસ સિદ્ધાંતનું જીવંત અને ગતિશીલ ઉદાહરણ છે, જ્યાં ભક્તિ પોતે જ સકલ રસોની જનની બનીને પ્રગટે છે.

ભારતીય કાવ્યશાસ્ત્રનો અલંકાર સિદ્ધાંત અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'અલંકાર સિદ્ધાંત' એ માત્ર કાવ્યના બાહ્ય શણગાર પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ભાવની સચોટતા અને અભિવ્યક્તિની સુંદરતાનું એક સબળ માધ્યમ છે.

૧. અલંકારનું શાસ્ત્રીય અને સાહિત્યિક મહત્વ

અલંકાર એટલે 'આભૂષણ'. જેવી રીતે ઘરેણાં શરીરની શોભા વધારે છે, તેમ અલંકારો કાવ્યની શોભા વધારે છે. ભામહ અને દંડી જેવા આચાર્યોએ 'અલંકાર'ને કાવ્યનો આત્મા માન્યો હતો. મધ્યકાલીન ગુજરાતી કવિઓ—નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, શામળ અને અખો—ભલે સંસ્કૃતના પ્રકાંડ પંડિતો નહોતા, છતાં તેમની વાણીમાં અલંકારો સહજ રીતે સ્ફુર્યા છે. આ કવિઓએ 'અર્થાલંકાર' દ્વારા ભાવની ગંભીરતા અને 'શબ્દાલંકાર' દ્વારા નાદસૌંદર્યપ્રગટાવ્યું છે.

૨. શબ્દાલંકારોનો વિનિયોગ: લય અને નાદનું માધુર્ય

મધ્યકાલીન સાહિત્ય પદ્યપ્રધાન અને ગેય (ગાઈ શકાય તેવું) હતું. તેથી તેમાં શબ્દાલંકારોનું મહત્વ વિશેષ છે.

વર્ણાનુપ્રાસ: પ્રેમાનંદનાઆખ્યાનોમાં જ્યારે યુદ્ધ કે ઉત્સવનું વર્ણન હોય ત્યારે વર્ણોનું પુનરાવર્તન એક અનોખો લય ઊભો કરે છે. (દા.ત. "કુંવરબાઈનુંમામરું" કે "નળાખ્યાન" માં આવતા પ્રાસયુક્ત કડવાં.)

યમક અને પ્રાસસાંકળી: નરસિંહ મહેતાનાપ્રભાતિયાંમાંપંક્તિના અંતે અને મધ્યમાં જે પ્રાસ મળે છે, તે કાવ્યમાં ગેયતા અને પ્રવાહિતતા લાવે છે. 'ચોર્યાસીવૈષ્ણવની વાર્તા' કે નરસિંહનાપદોમાંશબ્દોની રમત વાચકને મંત્રમુગ્ધ કરે છે.

અંત્યાનુપ્રાસ: મધ્યકાળના લગભગ તમામ પદોમાંપંક્તિના અંતે પ્રાસ મેળવવાની પ્રથા હતી, જે શ્રોતાઓને પદ યાદ રાખવામાં મદદરૂપ થતી.

૩. અર્થાલંકારો: ભાવ અને કલ્પનાનું ગાંભીર્ય

જ્યાં શબ્દ નહીં પણ અર્થ ચમત્કૃતિ જન્માવે તે અર્થાલંકાર. મધ્યકાલીન કવિઓએપરમાત્માનાસ્વરૂપનેસમજાવવાઅર્થાલંકારોનો આશરો લીધો છે.

ઉપમા: નરસિંહ મહેતા કૃષ્ણનામુખની સરખામણી ચંદ્ર સાથે કરે ત્યારે તે પરંપરાગત ઉપમા હોવા છતાં ભક્તિના રંગે રંગાઈને નવી લાગે છે.

રૂપક: અખાનાછપ્પામાં રૂપક અલંકારનો સર્વોત્તમ ઉપયોગ જોવા મળે છે. અખો જ્યારે સંસારને 'માયાનું જાળ' કે 'ઉંદર' સાથે સરખાવે છે, ત્યારે તે રૂપક દ્વારા વેદાંતનો કઠિન સિદ્ધાંત સરળ બનાવે છે.

વ્યતિરેક: મીરાંબાઈ જ્યારે કહે છે કે "શામળિયાની સંગાથે મારે અખંડ એવાં ઘરવાસ," ત્યારે તે લૌકિક લગ્ન કરતા અલૌકિક પ્રેમને ચડિયાતો બતાવી વ્યતિરેક અલંકાર રચે છે.

સજીવારોપણ: પ્રકૃતિનાતત્વોને માનવ ચેષ્ટા કરતા બતાવવામાં મધ્યકાળના કવિઓ માહિર હતા. ગોપીઓનાવિરહમાંવનરાવનનીવેલીઓ પણ રડતી હોય તેવું વર્ણન સજીવારોપણનું સુંદર ઉદાહરણ છે.

૪. પ્રેમાનંદ: અલંકાર વિનિયોગના શિખર

પ્રેમાનંદના આખ્યાનો એ અલંકારોની ખાણ છે. તેઓ પાત્રોના નખશિખ વર્ણનમાં 'ઉત્પ્રેક્ષા' અને 'અતિશયોક્તિ'નો એવો ઉપયોગ કરે છે કે પાત્ર વાચકની નજર સામે સાક્ષાત્ થઈ જાય.

નળાખ્યાનમાંદમયંતીનું રૂપ: અહીં પ્રેમાનંદે પરંપરાગત અલંકારોની હારમાળા સર્જી છે. "ચંદ્ર ગળ્યોરાહુએ" જેવી કલ્પનાઓ દ્વારા તેઓ વિરહ અને સૌંદર્યને નવો આયામ આપે છે.

સ્વભાવોક્તિ: પાત્રોની ફુદરતી ચેષ્ટાઓનું વર્ણન કરવામાં પ્રેમાનંદનીતોલે કોઈ આવી શકે તેમ નથી.

૫. અખાના છપ્પા: કટાક્ષ અને અર્થાલંકાર

અખો એ જ્ઞાનનો કવિ છે. તેના છપ્પામાં 'દ્રષ્ટાંત' અને 'અર્થંતરન્યાસ' અલંકારોનો વિપુલ પ્રયોગ છે. સામાજિક કુરિવાજો પર પ્રહાર કરવા માટે તે તીખાઅલંકારોનો ઉપયોગ કરે છે.

"તિલક કરતાં ત્રીસવહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં" — અહીં અનુભવ અને કટાક્ષ દ્વારા સચોટ ચિત્ર ઊભું થાય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અલંકારો એ માત્ર પ્રદર્શનનું સાધન નથી, પણ તે કવિની સંવેદના અને જ્ઞાનનું વાહન છે. નરસિંહની લયબદ્ધતા, મીરાંનીઆર્તતા, પ્રેમાનંદનીવર્ણનકલા અને અખાની સચોટતા પાછળ અલંકાર શાસ્ત્રના સિદ્ધાંતો અજ્ઞાતપણે પણ સબળ રીતે કાર્ય કરી રહ્યા છે. આ અલંકારોને કારણે જ મધ્યકાલીન કવિતા આજે પણ જનમાનસમાં જીવંત છે.

ભારતીય કાવ્યશાસ્ત્રનો ધ્વનિ સિદ્ધાંત અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

ભારતીય કાવ્યશાસ્ત્રમાં 'ધ્વનિ સિદ્ધાંત' એ કાવ્યના આત્મા સમાન ગણાય છે. આચાર્ય આનંદવર્ધને 'ધ્વન્યાલોક' ગ્રંથમાં "કાવ્યસ્ય આત્મા ધ્વનિઃ" કહીને સાહિત્યિક વિવેચનમાં એક ક્રાંતિ સર્જી હતી. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ધ્વનિનો પ્રભાવ અત્યંત ગૂઢ અને મર્મસ્પર્શી રહ્યો છે.

૧. ધ્વનિ સિદ્ધાંતનીતાત્વિક ભૂમિકા

ધ્વનિ એટલે વ્યંજના. જ્યારે કાવ્યમાં શબ્દના સીધા અર્થ (વાચ્યાર્થ) કરતા કોઈ ત્રીજો જ ગૂઢ અર્થ (વ્યંગ્યાર્થ) પ્રગટ થાય, ત્યારે તેને 'ધ્વનિ' કહેવામાં આવે છે. આનંદવર્ધનનામતે, જેમ સ્ત્રીના અંગોના સૌંદર્ય કરતા તેનું 'લાવણ્ય' (તેજ) અલગ અને ચડિયાતું હોય છે, તેમ કાવ્યમાં શબ્દો અને અર્થો કરતા ધ્વનિ અલગ અને શ્રેષ્ઠ હોય છે.

૨. મધ્યકાલીન પદસાહિત્યમાં 'વસ્તુ-ધ્વનિ'

મધ્યકાળનાકવિઓએ ઘણીવાર સીધી વાત કરવાને બદલે પ્રતીકો અને વસ્તુ-ધ્વનિનો ઉપયોગ કર્યો છે.

નરસિંહ મહેતા: નરસિંહ જ્યારે "જળ કમળ છાંડી જાને બાળા" લખે છે, ત્યારે ઉપરછલ્લી રીતે તે કૃષ્ણ અને નાગણીઓનો સંવાદ છે, પણ તેનો ગૂઢ ધ્વનિ જીવાત્મા અને પરમાત્માનાસંબંધનો છે. અહીં 'કાલી નાગ' એ અહંકારનું પ્રતીક છે અને કૃષ્ણ એ જ્ઞાનનો ધ્વનિ છે.

મીરાંબાઈ: મીરાંનાપદોમાં 'રાણો', 'ઝેર' અને 'પિટારો' એ માત્ર લૌકિક વસ્તુઓ નથી, પણ તે સામાજિક બંધનો અને વિઘ્નોનાધ્વનિરૂપે પ્રગટે છે.

૩. રસ-ધ્વનિ: ભક્તિનું સર્વોચ્ચ શિખર

આનંદવર્ધને 'રસ-ધ્વનિ'ને સર્વોત્તમ માન્યો છે. મધ્યકાલીન કવિતામાં જ્યારે ભક્ત કવિ પરમાત્મા સાથેના પોતાના સંબંધો વર્ણવે છે, ત્યારે ત્યાં રસ સાક્ષાત્ ધ્વનિરૂપે વહે છે.

સંભોગ અને વિપ્રલંભ ધ્વનિ: ગોપીઓનો કૃષ્ણ માટેનો વિરહ એ માત્ર રડવું નથી, પણ તે પરમાત્મા મિલનની તીવ્ર ઝંખનાનો 'રસ-ધ્વનિ' છે.

દયારામની ગરબીઓ: દયારામની ગરબીઓમાંશૃંગારનાઓઠા હેઠળ જે ભક્તિ પ્રગટે છે, તે ધ્વનિ સિદ્ધાંતનું ઉત્તમ ઉદાહરણ છે. "શ્યામ રંગ સમીપે ન જાવું" માં કૃષ્ણ પ્રત્યેનો રોષ એ હકીકતમાં અત્યંત ગાઢ પ્રેમનો ધ્વનિ છે.

૪. આખ્યાન સાહિત્યમાં ધ્વનિ અને વ્યંજના

પ્રેમાનંદ જેવા કવિઓ પાત્રોનાસંવાદોમાં 'વ્યંગ્ય' અને 'ધ્વનિ'નોઅદ્‌ભુત વિનિયોગ કરે છે.

પાત્રાલેખનમાં ધ્વનિ: સુદામાચરિત્રમાંસુદામાની પત્ની જ્યારે ગરીબાઈનું વર્ણન કરે છે, ત્યારે તે માત્ર ફરિયાદ નથી કરતી, પણ પતિના તપોબળ અને કૃષ્ણની મૈત્રી પરના વિશ્વાસનો ધ્વનિ પણ રજૂ કરે છે.

કટાક્ષમાં ધ્વનિ: અખાનાછપ્પામાં જે તીખો કટાક્ષ છે, તે 'ધ્વનિ' દ્વારા જ વાચકના હૃદય પર ચોટ કરે છે. "એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ"—અહીં મૂર્ખામી પરનો પ્રહાર ધ્વન્યાત્મક છે.

૫. પ્રતીકવાદ અને ધ્વનિ

મધ્યકાલીન રહસ્યવાદીકવિતામાંપ્રતીકો દ્વારા ધ્વનિ પ્રગટાવવામાં આવ્યો છે.

પંખીનું પ્રતીક: આત્મા માટે 'હંસલો' કે 'ચકલું' જેવા પ્રતીકોવાપરીને કવિઓ મૃત્યુ અને મોક્ષનો ગંભીર ધ્વનિ સર્જે છે.

ગગન, ગઢ અને મકાન: શરીરને 'કાચી માટીનો કુંભ' કહીને જીવનની ક્ષણભંગુરતાનો જે ધ્વનિ જગાવ્યો છે, તે ભારતીય કાવ્યશાસ્ત્રની પરાકાષ્ઠા છે.

ઉપસંહાર

ભારતીય કાવ્યશાસ્ત્રના ત્રિપદા ગણાતા રસ, અલંકાર અને ધ્વનિ સિદ્ધાંતોનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જે ગહન અને વ્યાપક વિનિયોગ જોવા મળે છે, તે સાબિત કરે છે કે સાહિત્યિક સૌંદર્યનામાપદંડો ક્યારેય સમય કે ભાષાના બંધનમાં જકડાયેલા રહેતા નથી. આ સંશોધન દ્વારા એ સ્પષ્ટ થાય છે કે સંસ્કૃત કાવ્યશાસ્ત્રનાઆચાર્યોએ જે આદર્શ કવિતાના લક્ષણો બાંધ્યા હતા, તેનું સર્વોત્તમ અમલીકરણ ગુજરાતના નરસિંહ, મીરાં અને પ્રેમાનંદ જેવા સમર્થ કવિઓની વાણીમાં સહજ રીતે થયું છે.

મધ્યકાલીન કવિતામાં 'રસ' એ માત્ર કાવ્યતત્વ નથી, પણ તે ભક્ત અને પરમાત્મા વચ્ચેના મિલનનો આનંદ છે. ભક્તિને નવરસનામાધ્યમથી જે રીતે લોકભોગ્ય બનાવવામાં આવી, તે ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતા છે. 'અલંકાર' એ અહીં માત્ર શબ્દોની સજાવટ નથી, પણ ભાવની તીવ્રતા વ્યક્ત કરવાનું સબળ હથિયાર છે. જ્યારે 'ધ્વનિ' સિદ્ધાંત દ્વારા આ કવિઓએવાચ્યાર્થની પેલે પાર જઈને જે વ્યંગ્યાર્થ અને આધ્યાત્મિક સંકેતો આપ્યા છે, તે આજે પણ વિવેચકો માટે સંશોધનનો વિષય છે.

આ સંશોધન પત્રના મુખ્ય તારણો નીચે મુજબ છે:

૧. મધ્યકાલીન ગુજરાતી કવિઓએ શાસ્ત્રીય જટિલતાને બાજુ પર રાખીને કાવ્યશાસ્ત્રનાહાર્દનેસ્વીકાર્યું છે.

૨. આ સાહિત્યમાં 'રસનિષ્પત્તિ' એ મુખ્ય લક્ષ્ય છે, જ્યારે અલંકાર અને ધ્વનિ તેના સહાયક અંગો છે.

૩. ભારતીય કાવ્યશાસ્ત્રની પરંપરા સંસ્કૃતમાંથીઉતરીને પ્રાકૃત અને અપભ્રંશ દ્વારા મધ્યકાલીન ગુજરાતીમાં એક નવા જ ઓજસ સાથે પ્રગટી છે.

અંતે, એમ કહી શકાય કે જો ભારતીય કાવ્યશાસ્ત્ર એ દેહ છે, તો મધ્યકાલીન ગુજરાતી ભક્તિ સાહિત્ય તેનો જીવંત અને ધબકતો પ્રાણ છે. નરસિંહની અનન્યતા, મીરાંનીઆર્તતા અને પ્રેમાનંદનીરસપ્રચુરતા વગર ભારતીય કાવ્યશાસ્ત્રના આ સિદ્ધાંતોનું પ્રાયોગિક મૂલ્ય અધૂરું ગણાય. આ મહાન સર્જકોએ પોતાની સર્જક પ્રતિભા દ્વારા સાબિત કર્યું છે કે શાસ્ત્ર ભલે પ્રાચીન હોય, પણ તેની અભિવ્યક્તિ હંમેશા નિત્યનૂતન રહે છે.

સંદર્ભ ગ્રંથ

૧. ભારતીય કાવ્યશાસ્ત્ર, લેખક-નગીનદાસ પારેખ, વર્ષ- ૧૯૭૭ (પુનર્મુદ્રણ ૨૦૧૨)

૨. અર્વાચીન કાવ્યશાસ્ત્રના સિદ્ધાંતો, લેખક-રામનારાયણ વિ. પાઠ, વર્ષ- ૧૯૫૭

૩. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (મધ્યકાળ), લેખક-અનંતરાયરાવળ, વર્ષ- ૧૯૬૪

.૪. કાવ્યપ્રકાશ (મમ્મટવિરચિત – અનુવાદ), લેખક- ગીજુભાઈ વ્યાસ, વર્ષ-૧૯૭૫

૫. મધ્યકાલીન સાહિત્યનાસ્વરૂપો, લેખક-કે. કા. શાસ્ત્રી, વર્ષ-૧૯૫૮

૬. કાવ્યતત્વવિચાર, લેખક-આનંદશંકર બા. ધ્રુવ, વર્ષ-૧૯૪૭ (સંવર્ધિત આવૃત્તિ)

સસ્ટેનેબલ કોમર્સમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ભૂમિકા

ડૉ. એમ. એમ. ડામોર
એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ,
અર્થશાસ્ત્ર વિભાગ,
શ્રી સી. એચ. ભીલ સરકારી વિનયન
અને વાણિજ્ય કોલેજ, નસવાડી

Abstract

ડિજિટલ ટેક્નોલોજીના ઝડપી વિકાસને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં વાણિજ્યનું સ્વરૂપ ઝડપથી બદલાયું છે. ઈ-કોમર્સ, ઓનલાઈન માર્કેટપ્લેસ, ઝડપી ડિલિવરી અને ડિજિટલ પેમેન્ટ જેવી સુવિધાઓએ ગ્રાહકો માટે ખરીદીની પ્રક્રિયા સરળ બનાવી છે, પરંતુ તેની સાથે ઉત્પાદન, પેકેજિંગ, પરિવહન, વેરહાઉસિંગ, રિટર્ન અને કચરા વ્યવસ્થાપન સંબંધિત પર્યાવરણીય પડકારો પણ વધ્યા છે. આ પરિસ્થિતિમાં માત્ર આર્થિક વૃદ્ધિ પર આધારિત વાણિજ્યિક મોડલને બદલે આર્થિક કાર્યક્ષમતા સાથે પર્યાવરણ અને સામાજિક જવાબદારીને જોડતું 'સસ્ટેનેબલ કોમર્સ' મહત્વપૂર્ણ બની રહ્યું છે.

આ સંશોધન પત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ, કમ્પ્યુટર વિઝન, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) અને ડેટા એનાલિટિક્સ જેવી ટેક્નોલોજીઓ સસ્ટેનેબલ કોમર્સને કેવી રીતે મજબૂત બનાવી શકે છે તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને માંગનું અનુમાન, ઈન્વેન્ટરી નિયંત્રણ, રૂટ ઓપ્ટિમાઈઝેશન, વેરહાઉસ મેનેજમેન્ટ, રિવર્સ લોજિસ્ટિક્સ, કચરાનું વર્ગીકરણ, ઉત્પાદનની આયુષ્યવૃદ્ધિ અને ગ્રાહકોને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ વિકલ્પો તરફ દોરી જવામાં AIની સંભવિત ભૂમિકા સમજાવવામાં આવી છે.

સાથે સાથે AIને સંપૂર્ણપણે 'ગ્રીન' ટેક્નોલોજી માનવાની મર્યાદાઓ પણ ચર્ચવામાં આવી છે. મોટા AI મોડલ્સ માટે જરૂરી ડેટા સેન્ટરો, વીજળી, પાણી અને કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોતે પર્યાવરણીય અસર પેદા કરે છે. IEA અને UNEPના તાજેતરના અભ્યાસો દર્શાવે છે કે AIનો પર્યાવરણીય પ્રભાવ તેના સમગ્ર જીવનચક્રને ધ્યાનમાં રાખીને માપવો જરૂરી છે.

પ્રસ્તાવના

વાણિજ્યનું પરંપરાગત સ્વરૂપ મુખ્યત્વે ઉત્પાદન વધારવા, ખર્ચ ઘટાડવા અને નફો વધારવા પર આધારિત રહ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિથી શરૂ થયેલી આ વ્યવસ્થામાં કુદરતી સંસાધનોમાંથી કાચો માલ મેળવવો, તેને ઉત્પાદનમાં ફેરવવો, ગ્રાહક સુધી પહોંચાડવો અને ઉપયોગ પછી તેને કચરામાં ફેરવવો—આ સમગ્ર પ્રક્રિયા મોટાભાગે રેખીય રહી છે. Ellen MacArthur Foundation આ મોડલને 'take-make-waste' અર્થતંત્ર તરીકે સમજાવે છે. તેની સામે સર્ક્યુલર ઇકોનોમીનો હેતુ કચરો અને પ્રદૂષણ ઘટાડવા, ઉત્પાદનો અને સામગ્રીને શક્ય તેટલા લાંબા સમય સુધી ઉપયોગમાં રાખવા અને કુદરતી પ્રણાલીઓને પુનઃસ્થાપિત કરવાનો છે.

ઈ-કોમર્સના વિકાસે આ પ્રક્રિયામાં નવી તકો ઊભી કરી છે, પરંતુ સાથે નવા પડકારો પણ સર્જ્યા છે. એક જ ગ્રાહક માટે અલગ પેકેજિંગ, વારંવારની ડિલિવરી, ઝડપી ડિલિવરીની અપેક્ષા, લાંબા અંતરની પરિવહન વ્યવસ્થા અને ઉત્પાદન પરત કરવાની પ્રક્રિયા પર્યાવરણ પર વધારાનો ભાર મૂકી શકે છે. UNEPના આંકડા અનુસાર 2023માં વૈશ્વિક GHG ઉત્સર્જન 57.1 $GtCO_2e$ હતું અને તેમાં power sectorનો ફાળો સૌથી મોટો હતો, જ્યારે transport ક્ષેત્રનો ફાળો આશરે 15% હતો. તેથી કોમર્સને ટકાઉ બનાવવાનો પ્રશ્ન માત્ર ડિલિવરી વાહનો પૂરતો મર્યાદિત નથી; ઉત્પાદન, ઊર્જા, પરિવહન, પેકેજિંગ અને વપરાશની સમગ્ર શ્રેણીને જોવી જરૂરી છે.

વાણિજ્યમાં મુખ્ય મુશ્કેલી એ છે કે ગ્રાહકની વધતી માંગ અને પર્યાવરણની મર્યાદાઓ વચ્ચે સંતુલન કેવી રીતે સ્થાપિત કરવું. વધુ ઉત્પાદન કરવાથી બજારની માંગ પૂરી થઈ શકે છે, પરંતુ માંગનું ખોટું અનુમાન overproduction અને inventory waste તરફ દોરી શકે છે. બીજી તરફ, ઓછો સ્ટોક રાખવાથી ગ્રાહકની માંગ પૂરી કરવામાં મુશ્કેલી પડી શકે છે.

આ જ રીતે, ઝડપી ડિલિવરી ગ્રાહક સંતોષ વધારી શકે છે, પરંતુ અલગ-અલગ નાના ઓર્ડરોને અલગ વાહનો દ્વારા પહોંચાડવાથી પરિવહન કાર્યક્ષમતા ઘટી શકે છે. રિટર્ન પ્રક્રિયામાં પણ એક જ ઉત્પાદન માટે વધારાનું પરિવહન, પેકેજિંગ અને ચકાસણી જરૂરી બને છે.

આથી મુખ્ય પ્રશ્ન એવો છે કે શું AI આધારિત ડેટા અને નિર્ણયપ્રણાલીઓ આર્થિક કાર્યક્ષમતા જાળવી રાખીને સંસાધનોનો વ્યય અને પર્યાવરણીય અસર ઘટાડી શકે?

સંશોધનના હેતુઓ

આ અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે:

- સસ્ટેનેબલ કોમર્સની સંકલ્પના અને તેના મુખ્ય પરિમાણોને સમજવા.
- સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સમાં AIના ઉપયોગનું વિશ્લેષણ કરવું.
- predictive analytics દ્વારા overproduction અને inventory waste ઘટાડવાની શક્યતાઓ તપાસવી.
- AI અને circular economy વચ્ચેના સંબંધને સમજવો.
- reverse logistics અને waste sortingમાં AIની ભૂમિકા સમજવી.
- ગ્રાહકોને વધુ જવાબદાર અને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ ખરીદી તરફ દોરી જવામાં AIના ઉપયોગનું મૂલ્યાંકન કરવું.
- AIના પોતાના ઊર્જા વપરાશ, ડેટા પ્રાઈવસી અને greenwashing જેવા પડકારોની ચર્ચા કરવી.
- વેપારી સંસ્થાઓ અને નીતિનિર્માતાઓ માટે વ્યવહારુ ભલામણો રજૂ કરવી.

સસ્ટેનેબલ કોમર્સનો અર્થ અને માળખું

સસ્ટેનેબલ કોમર્સનો અર્થ માત્ર 'પર્યાવરણને નુકસાન ન પહોંચાડતું વેપાર' એવો સંકુચિત નથી. તેમાં આર્થિક કાર્યક્ષમતા, સામાજિક જવાબદારી અને પર્યાવરણ સંરક્ષણ—ત્રણેય બાબતોનું સંકલન જરૂરી છે. આ વિચારને **Triple Bottom Line** દ્વારા સમજાવી શકાય છે:

People – Planet – Profit

અર્થાત્, કોઈ વ્યવસાય લાંબા ગાળે સફળ બનવા માટે માત્ર નફો કમાય એટલું પૂરતું નથી. તેને કર્મચારીઓ અને ગ્રાહકો માટે યોગ્ય સામાજિક પરિસ્થિતિ ઊભી કરવી, પર્યાવરણ પરની અસર ઘટાડવી અને સાથે આર્થિક રીતે સક્ષમ રહેવું જરૂરી છે.

AI આ ત્રણેય પરિમાણોને જોડવામાં સહાયક બની શકે છે. ઉદાહરણ તરીકે, **demand forecasting** દ્વારા કંપની જરૂરી જથ્થો જ ખરીદી શકે છે. તેનાથી ખર્ચ ઘટે છે અને કાચા માલનો વ્યય પણ ઓછો થાય છે. તેવી જ રીતે, **route optimization**થી સમય અને ઈંધણ બંનેની બચત થઈ શકે છે.

પરંતુ અહીં એક મહત્વપૂર્ણ બાબત સમજવી જરૂરી છે: **AI** કોઈ આપમેળે 'સસ્ટેનેબલ' પરિણામ આપતી ટેક્નોલોજી નથી. તેનો પરિણામ તેના હેતુ, ડેટા, એલ્ગોરિધમ અને ઉપયોગની પદ્ધતિ પર આધાર રાખે છે.

સપ્લાય ચેઈનમાં AI અને પર્યાવરણીય કાર્યક્ષમતા

૧ માંગનું અનુમાન અને ઉત્પાદન આયોજન

સપ્લાય ચેઈનમાં સૌથી મહત્વપૂર્ણ નિર્ણયોમાંનો એક છે—ભવિષ્યમાં કેટલા ઉત્પાદનોની જરૂર પડશે? પરંપરાગત પદ્ધતિમાં ઐતિહાસિક વેચાણ અને મેનેજરના અનુભવના આધારે માંગનો અંદાજ કરવામાં આવે છે. **AI** આધારિત **predictive models** તેમાં વધુ પ્રકારના ડેટાનો ઉપયોગ કરી શકે છે, જેમ કે અગાઉના વેચાણ, ઋતુગત ફેરફારો, પ્રમોશન, બજારના વલણો અને અન્ય ઉપલબ્ધ પરિબળો.

જો માંગનો અંદાજ વધુ સચોટ બને, તો કંપનીને જરૂર કરતાં વધારે ઉત્પાદન કરવાની સંભાવના ઘટે છે. ખાસ કરીને ખાદ્યપદાર્થો, ફેશન, દવાઓ અને ટૂંકી **shelf-life** ધરાવતા ઉત્પાદનોમાં આ બાબત મહત્વપૂર્ણ છે.

અહીં **AI**નો મુખ્ય લાભ 'વધુ ઉત્પાદન' કરાવવામાં નહીં પરંતુ જરૂરિયાત મુજબ ઉત્પાદન અને યોગ્ય સમયે પુરવઠો ગોઠવવામાં છે.

૨ ઈન્વેન્ટરી મેનેજમેન્ટ

